સુવિચાર
જીવનમાં કાયદો જ માત્ર નથી. પ્રમાણિકતા જેવી પણ વસ્તુ છે. પ્રમાણિકતા કાયદા કરતાં વિશેષ છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૯/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૨૪

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૦૭-૦૯-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
■ કીડની ■ પ્રોસ્ટેટ ■ પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## લીલીયામોટાનાં ભેંસાણ ગામે ગાગડીયો નદીમાં જળસંચય થતાં પરેશાની વધી

# અંતે ખેડૂતોએ જળસમાધિ કાર્યક્રમ બંધ રાખ્યો

**ખેડૂતોનો વાડીએ જવાનો માર્ગ પાણીનાં લીધે બંધ થતાં પાણી છોડવાની માંગ કરવામાં આવી હતી**

**એક હજાર વિઘા જેટલી જમીનમાં ખેડૂતો કે પશુપાલકો જઈ શકતા ન હોવાથી નારાજગી વધી હતી**

**ખેડૂતોએ જળસમાધિ લેવાની ચીમકી આપતાં પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો**

**સિંચાઈ વિભાગે પાણી છોડવાની ખાત્રી આપતા જળસમાધિ આંદોલન બંધ રહ્યું**





અમરેલી, તા. ૫

જળ સંચયના કામો સરકાર દ્વારા સિદ્ધ કરવામાં આવ્યા પણ જળ સંચયથી ભરાયેલા ચેકડેમો ગ્રામીણ ગામડાઓમાં ખેડૂતોને ગાડામાર્ગ બંધ થઈ જવાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે. લીલીયા તાલુકાના ભેંસાણ ગામે ગાગડીયો નદીમાં જળ સંચય થતા ભેંસાણ ગામના ૧ હજાર વીઘા જમીનો ધરાવતા ખેડુતોને પોતાના વાડી ખેતરે જવાના માર્ગમાં પાણીનો પ્રવાહ અવરોધ રૂપ થતા તંત્રને અનેકવાર રજૂઆતો કરવા છતાં ખેડૂતોને માર્ગ ના મળતા આજે ખેડૂતો દ્વારા જળ સમાધી કાર્યક્રમ આપતા તંત્ર દોડતું થયું હતું અને સમજાવટને અંતે બોડીયા ચેકડેમમાંથી પાણીનો પ્રવાહ ખોલતા જળ સમાધી કાર્યક્રમ બંધ રહ્યો હતો.

લીલીયાના ભેંસાણ ગામના સ્થાનિકો દ્વારા બોડિયા ચેકડેમને કારણે ખેડૂતોને વાડીએ જવાનો વિકટ પ્રશ્ન સર્જાયો હતો. હજુ ૧૫ દિવસ પહેલા જ જે ડેમનું ખાતમુર્હુત સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા અને કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ લોકાર્પણ કર્યું હતું. તે ગોવિંદકાકા ધોળકીયા સરોવરનું પાણી આજે છોડી દેવામાં આવ્યું હતું. ભેંસાણના બોડિયા ચેકડેમમાં પાણી ભરાઈ જવાથી ભેંસાણ ગામની ૧૦૦૦ વીઘા જમીન ખેડૂતોને જઈ શકાતું ન હતું અને ખેડૂતો તેમજ માલધારીઓને જવાનો માર્ગ પાણીમાં ગરકાવ થતા ખેડૂતો અને ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા. ખેડૂતોની જમીન પાણીમાં ગરકાવ થઈ જતા ખેડૂતો વાડી ખેતર જવાની મુશ્કેલી વચ્ચે તંત્ર દ્વારા પાણીનો નિકાલ ન કરતા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જિલ્લામાં મોં માંગ્યો વરસાદ પડતો હોય તેવો માહોલ

# અમરેલી, લાઠી, બાબરા, ધારી પંથકમાં પુનઃ મેઘાની પધરામણીથી ચેકડેમો છલોછલ

**ગ્રામ્ય વિસ્તારનાં ચેકડેમ, જળાશયોમાં નવા નીરની ભરપુર આવક**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા, ભરત મહેતા–કોટડાપીઠા

અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં હવામાન વિભાગની આગાહી અનુસાર વરસાદી માહોલ જામ્યો છે ત્યારે લાઠી, વડીયા બાદ ધારી પંથકમાં ધોધમાર વરસાદ પડયો હતો.

અમરેલી શહેરમાં સવારથી તડકો હોય આજે વરસાદ વિરામ લેશે તેવું વાતાવરણ હોય ત્યારે બપોરના એક વાગ્યાના સમયે અચાનક જ વાતાવરણ પલટાયું હતું અને અમરેલી શહેરમાં જોરદાર ઝાપટાં પડવાના શરૂ થયા હતાં. અને બાદમાં સાંજના ૫ વાગ્યાથી ફરીથી જોરદાર વરસાદ શરૂ થતાં શહેરના મુખ્ય માર્ગો જેવા કે ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર રોડ મેઈન બજાર, માણેકપરા, માર્કેટ યાર્ડ રોડમાં પાણી ભરાતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. અમરેલી શહેર ઉપરાંત માચીયાળા, ચિતલ, નાના ભંડારીયા, ઈરીયા સહિતના ગામમાં ધોધમાર વરસાદ પડયો હતો.

અમરેલીનો ઠેબી ડેમ ઉપરના ગામોમાં પણ વરસાદ પડતાં બપોરના સમયે ઠેબી ડેમનો એક દરવાજો ખોલવામાં આવ્યો હતો. જેથી નીચાણવાળા વિસ્તારના ગામ અમરેલી, પ્રતાપપરા, ફતેપુર, ચાંપાથળ સહિત ગામડાઓને તંત્ર દ્વારા ઠેબીના નીચાણ વાળા વિસ્તારમાં કોઈએ અવરજવર ન કરવા સૂચના આપવામાં આવી હતી.

આ ઉપરાંત ધારી તાલુકાના ગ્રામ્ય વિસ્તારના જર, છતડીયા, મોરઝર, પરબડી, ખીચા સહિતના ગામમો પણ વરસાદ શરૂ થયો હતો અને સારા વરસાદથી ખેડુતો ખુશખુશાલ જોવા મળતાં હતાં.

રાજુલાનો જીવાદોરી સમાન ધાતરવડી–૨ ડેમના ઉપરવાસમાં ધીમીધારે વરસાદ પડયો હોવાના કારણે ધાતરવડી–૨ ડેમ ૧૦૦ ટકા મોડીરાતે ભરાયો હતો અને ડેમ ઓવરફલો થવાના કારણે એક દરવાજો ખોલવામાં આવતા તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારોના ૧૦ ગામોને એલર્ટ કરાયા હતાં.

લાઠી પંથકમાં વરસાદની ધમાકેદાર બીજી ઈનિંગ શરૂ થતાં જ લાઠી પંથકમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. લાઠી શહેરમાં ધોધમાર વરસાદને કારણે બજારોમા પાણી વહેતા થયા હતાં.

**બાબરા**

બાબરા બપોર બાદ ભારે ગરમી અને ઉકળાટ બાદ ઠંડો પવન

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ભૈ વાહ : ઠેબી જળાશય છલોછલ



અમરેલીનાં શહેરીજનોની પાણીની તરસ બુજાવવા માટે શહેરનાં પાદરમાં બનેલ ઠેબી જળાશયમાં નવા નીરની ભરપૂર આવક થતાં એક દરવાજો એકાદ ફૂટ જેટલો ખોલવામાં આવ્યો હતો ત્યારે આહલાદક દ્રશ્ય જોવા મળ્યું હતું.

દુઃખદ અવસાન/બેસણું
અમારા માતૃશ્રી દેવુબેન ભીમજીભાઈ ચાવડાનું તા.૦૪/૦૯/૨૦૨૪ને બુધવારનાં રોજ અવસાન થયેલ છે.
મધુભાઈ ભીમજીભાઈ ચાવડા (પૂર્વ નગરસેવક)
નાનજીભાઈ ભીમજીભાઈ ચાવડા
કનુભાઈ ભીમજીભાઈ ચાવડા
બાબુભાઈ ભીમજીભાઈ ચાવડા (પૂર્વ નગરસેવક)
અનીલ ભીમજીભાઈ ચાવડા
જયેશ (ટીનુભાઈ) ભીમજીભાઈ ચાવડા
ચાવડા પરિવારના જય માતાજી – અમરેલી

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી • પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, • ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન • વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત • લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર • નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU • આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર • જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,550/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૫/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

TATA AIA LIFE INSURANCE
આત્મનિર્ભર બનો
TATA સાથે જોડાઈને આત્મનિર્ભર બનો
આપ ટાટા કંપની સાથે એક ફ્રેન્ચાઈઝી (લીડર મોડલ) માં જોડાઈ શકો છો. કોઈપણ રોકાણ વગર અને આપ ઘણા લોકોને રોજગારી પણ આપી શકો છો,
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાંથી જરૂર છે.
આ કામ માટે યોગ્યતા : માર્કેટીંગના અનુભવી, ટીમવર્ક કરી શકે તેવા તેમજ કોર્પોરેટ ઓફિસના કર્મચારી, નેટવર્ક બીઝનેશના લીડર, ધો.૧૨ પાસ
વધુ માહિતી માટે સંપર્ક : 95103 17788

# મનફાવે ત્યાં માર્ગ ખોદવાનો અને સમારકામ કરવાનું ભૂલી જવાનું

# સાવરકુંડલામાં ઘરેલું ગેસ પાઈપલાઈનનાં કાર્યમાં દે ધનાધન

**શહેરીજનો છેલ્લા ૨ વર્ષથી કામગીરી નિહાળીને નારાજગી દાખવી રહ્યા હોય ગેસ એજન્સીનો કોઈ કાન આમળતું નથી**

**નેતાઓ વિકાસ બહુ થયો, થાય છે તેવી ગુલબાંગો ફેંકયા કરે અને જનતાની પરેશાની વધી રહી છે**

**ગેસ એજન્સીની પદાધિકારીઓ અને અધિકારીઓ સાથે શું મિલીભગત છે કે કોઈ પુછવાવાળુ નથી**

**સબળ નેતૃત્વનાં અભાવે શહેરીજનોની સમસ્યા દિનપ્રતિદિન વધી રહી છે**

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરમાં આમ ગણીએ તો વિકાસની મોટી મોટી ગુલબાંગો વચ્ચે ગુજરાત ગેસના કોન્ટ્રાકટરો દ્વારા રસોઈ ગેસ લાઈન ફાળવવામાં ઠાગાઠૈયા થતાં જોવા મળે છે. છેલ્લા બે વર્ષથી શહેરમાં ગુજરાત ગેસના કોન્ટ્રાકટરો દ્વારા અંડર ગ્રાઉન્ડ ભૂગર્ભ પાઈપલાઈન ખોદીને લોકોને રસોઈ ગેસ કનેકશન ફાળવવાની કામગીરી ઠાગાઠૈયાના ધોરણે ચાલતી જોવા મળે છે. રસોઈ ગેસ કનેકશન ફાળવ્યા બાદ આ ગેસ કનેકશનની અંડર ગ્રાઉન્ડ કામગીરી દરમિયાન ઠેર ઠેર પડેલા ખાડા જોવા મળે છે. લોકો આવી પરિસ્થિતિથી ભારે પરેશાન છે. ગુજરાત ગેસના કોન્ટ્રાકટરોની આવી નિંભર કામગીરીને કારણે જાહેર જનતાને પડી રહેલી પારાવાર મુશ્કેલી. આનું નિરાકરણ લાવવા હવે કોણ સારથિ બની આ સળગતી સમસ્યાનું નિવારણ કરશે? એવો



યક્ષપ્રશ્ન લોકોમાં ટોક ઓફ ધ ટાઉન બની રહ્યો છે. ગુજરાત ગેસના કોન્ટ્રાકટરો દ્વારા અંડર ગ્રાઉન્ડ પાઈપ લાઈન બિછાવવા દરમિયાન ઠેર ઠેર પડેલા ખાડાઓનું સમારકામ શું સ્વર્ગલોકથી કોઈ ઉધ્ધારક આવીને કરશે ? એવા વ્યંગાત્મક શબ્દબાણ પણ લોકોમાં ચર્ચાઈ રહ્યા છે. શું આજ વાઈબ્રન્ટ વિકાસની પરિભાષા હશે એવું પણ લોકો માહેમાહે પૂછતાં જોવા મળે છે.

**શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસ શિક્ષક બની શૈક્ષણિક કાર્ય**

## બાબરામાં શ્રી વી. એલ. ગેલાણી વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

**શાળાના મુખ્ય ટ્રસ્ટી કાળુભાઇ ગેલાણી દ્વારા તમામ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અપાયું**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૫

સમગ્ર દેશમાં આજે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ અને એક શિક્ષક એવા ડો સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ પર શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

બાબરામાં પણ શિક્ષક દિવસ ની ઉજવણી કરવામાં આવી હતી અહીં શાળાના મોટાભાગના વિધાર્થીઓ ધો ૧ થી ૧૨ માં અલગ અલગ વિષયના શિક્ષક બની શૈક્ષણિક કાર્ય કરી શિક્ષક ની ભૂમિકા ભજવી ગેરવ વ્યક્ત કર્યુ હતું.

વી એલ ગેલાણીના મુખ્ય ટ્રસ્ટી કાળુભાઇ ગેલાણી અને આચાર્ય ઈલાબેન ગેલાણી દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક દિવસ ની મહત્તા સમજાવી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**ધારાસભ્ય વેકરિયાની રજૂઆત બાદ**

## કુંકાવાવનાં નાજાપુર ગામનાં એપ્રોચ માર્ગ માટે રૂા. ૭૦ લાખ મંજૂર

**ગામજનોમાં ખૂશીનો માહોલ**

અમરેલી, તા. ૫

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ મુખ્યમત્રીને રજૂઆત કરતાં જે અન્વયે સરકારનાં માર્ગ અને મકાન વિભાગનાં પંચાયત હસ્તકનાં નાજાપુર એપ્રોચ રોડ બે કિલોમીટર રસ્તાના રિસરફેસનાં કામ માટે રૂપિયા ૭૦ લાખની રકમ સરકાર દ્વારા મંજૂર કરવામાં આવી છે. આ રકમમાંથી અમરેલી જિલ્લાનાં આ મુખ્ય રસ્તાનું રિકાર્પેટ કામ ટૂંક સમયમાં હાથ



ધરવામાં આવશે.

**કોંગી અગ્રણીએ ચીફ ઓફીસરને પત્ર પાઠવ્યો**

## સાવરકુંડલાની નંદીગ્રામ સોસાયટી નજીકનો ગટરનો પ્રશ્ન દુર કરવા માંગ

**સ્થાનિકોની પરેશાની દુર કરવી જરૂરી**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા ખાતે આવેલ વોર્ડ નંબર ૮ ના જેસર રોડ, ઉપર નંદીગ્રામ સોસાયટી પાસે અવાર નવાર ગટરનો પ્રશ્ન ઉપસ્થિત થતાં અમરેલી જીલ્લા કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન હસુભાઈ બગડા દ્વારા સાવરકુંડલા નગરપાલિકા ચીફ ઓફિસરને આ સમસ્યાનું કાયમી ધોરણે નિવારણ કરવા લેખિત રજૂઆત કરવામાં આવેલ. જેમાં તેમણે જણાવ્યું હતું કે નંદીગ્રામ સોસાયટીમાં અવારનવાર ગટર ઉભરાય છે અને નગરપાલિકા દ્વારા મનઘડત રીતે ખોદકામ કરી પ્રશ્નનું નિરાકરણ કરવાનો વ્યર્થ પ્રયત્ન કરવામાં આવે છે. આના કારણે આ વિસ્તારના રહેવાસીઓને તેમજ રાહદારીઓને અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આ પ્રશ્નનું કાયમી નિરાકરણ લાવી આ વિસ્તારના રહેવાસીઓને પ્રાથમિક સુવિધા મળી રહે તેમજ અવારનવાર પડતી મુશ્કેલીમાંથી મુકત કરી નગરપાલિકાને આર્થિક નુકશાન પણ ન થાય તેવી રીતે આ ગટરનાં કામનો ત્વરિત નિરાકરણ કરવા લેખિત રજૂઆત કરવામાં આવેલ છે.

**ચેરમેન દિપકભાઈ માલાણીનાં અધ્યક્ષ સ્થાને**

## સાવરકુંડલા : માર્કેટયાર્ડનાં વેપારીઓ, શ્રમિકો અને કર્મચારીઓની બેઠક યોજાઈ

**વિવિધ મુદ્દાઓને લઈને ચર્ચાઓ થઈ**



સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના કર્મચારી મજૂરો અને સ્ટાફની સંયુકત એક મીટીંગ યાર્ડના ચેરમેન દીપકભાઈ માલાણીના પ્રમુખ સ્થાને મળી હતી સીઝનના જણસોના વેચાણ બાબતે ઊંડાણ પૂર્વક ચર્ચાઓ કરવામાં આવેલ હતી.

**લીલીયામોટા : બ્રહ્મ સમાજ દ્વારા વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાયો**



લીલીયા, તા. ૫

લીલીયા બ્રહ્મસમાજ તથા યુવા બ્રહ્મસમાજ દ્વારા બાલમંદિર થી ડીગ્રી અભ્યાસ ક્રમમાં ઉતિર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને વિશાળ બ્રહ્મ પરિવારની હાજરીમાં મોમેન્ટો, સ્કૂલબેગ, ઓફીસ બેગ, લંચ બોકસ, ફુલસ્કેપ ચોપડા વગેરે દાતાશ્રીઓ દ્વારા આપી સન્માનીત કરવામાં આવેલ. કાર્યક્રમની શરૂઆત જીતેન્દ્રભાઈ પાઠક દ્વારા પ્રાર્થના તેમજ વડીલો દ્વારા દિપ પ્રાગટય કરી કરવામાં આવેલ આ તકે જ્ઞાતિ અગ્રણી નિલેષભાઈ મહેતા દ્વારા શાબ્દીક સ્વાગત તેમજ જ્ઞાતિ પ્રમુખ કિશોરભાઈ પાઠક તથા યુવા પ્રમુખ જયેશભાઈ મહેતા, ત્રિવેદી સાહેબ, ધારાબેન ભટ્ટ, રૂચિતાબેન મહેતા, દિપ્તીબેન મહેતા દ્વારા પ્રાસંગીક પ્રવચન આપી વિદ્યાર્થીઓને અભિનંદન અને દાતાઓનો આભાર વ્યકત કરેલ આજના કાર્યક્રમનાં ભોજનનાં મેઈન દાતા કૌશિકભાઈ એમ. પંડયાનું જ્ઞાતિ અગ્રણી દ્વારા મોમેન્ટો આપી વિશેષ સન્માન કરવામાં આવેલ તેમજ વિદ્યાર્થી સન્માનના દાતાશ્રીઓ જૈમિન પાઠક, દિપકભાઈ પંડયા, અતુલભાઈ પંડયા, મનહરભાઈ પંડયા, ગીરીષભાઈ દવે, જયેશભાઈ મહેતા તેમજ કિશોરભાઈ જોષીનું શાલ ગુચ્છ આપી સન્માન કરવામાં આવેલ બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ તથા જ્ઞાતિ બહેનો દ્વારા કાર્યક્રમનાં અંતે રાસ ગરબાનું પણ આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા માટે યોગેશભાઈ દવે, ભરતભાઈ જોષી, અતુલભાઈ ભટ્ટ, દિપકભાઈ દવે, અમીતભાઈ જોષી તેમજ સમગ્ર યુવા ટીમે તન– મન અને ધનથી સેવા આપેલ કાર્યક્રમનું સંચાલન ભાવેશભાઈ મહેતા અને દિપ્તીબેન દવે દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણ ની અખબારી યાદીમાં જણાવેલ છે.

## અમરેલી જીલ્લામાં લોક સમસ્યાનું નિરાકરણ ન થતાં જનતામાં રોષનો માહોલ

સાવરકુંડલા, તા. ૫

ધીમે ધીમે જાહેર સમસ્યાના નિરાકરણ લાંબા સમય સુધી ન થતાં લોકરોષ વ્યાપક બનતો જોવા મળે છે ભવિષ્યમાં જોવા મળે છે. ભવિષ્યમાં જો આવિ જ સ્થિતિ રહી તો લોકો કાનૂન પોતાના હાથમાં પણ લઈ લોકરોષ વ્યકત કરે એ દિવસો દૂર નથી હજુ ગઈકાલે અમરેલી શહેરના એક વિસ્તારમાં રસ્તો બંધ થવાથી લોકરોષ ફાટી નીકળ્યો હતો. અને લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતાં. એમના આક્રોશનું યોગ્ય નિરાકરણ ન થત ના છૂટકે લોકોએ રોડ પર ઉતરી આવવા મજબૂર બનવું પડે છે. તો મળતી માહિતી મુજબ આજે લીલીયા શહેરમાં પણ ગટરના સમસ્યાના નિરાકરણ માટે ત્યાંના રહેવાસીઓનો ગુસ્સો આસમાને પહોંચતો જોવા મળ્યો હતો. આવી ઘટના વડોદરા શહેરના પાણી ભરાયેલા વિસ્તારમાં પણ જોવા મળી હતી. લોકો તંત્રથી નારાજ જોવા મળ્યા હતાં. આવા લોકરોષ કોઈ પ્રાયોજીત નથી હોતા સ્વયંભૂપણે થતાં આવા આક્રોશને નજરઅંદાજ ન કરી શકાય. જો કે આ આક્રોશનું મૂળ તો સમસ્યાનું નિવારણ ન થવાનું જ હોય છે. સીધી સાદી વાત તો એ છે કે હવે તંત્ર અને રાજકીય પદાધિકારીઓએ લોકોને કનડતી જાહેર લોકસમસ્યાનું સવેળા યોગ્ય નિરાકરણ કરવા માટે પ્રતિબદ્ધ થવું પડશે. નહિતર એ લોકરોષ કયારે જવાળામુખી બની ફાટી નીકળે તેનું નકકી ન કહેવાય. માત્ર પોકળ વાતો અને ગુલાબી સપનાથી હવે નહીં ચાલે એ વાત સુનિશ્ચિત સમજવી રહી

**૨૪×૭ કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર**

## અમરેલી જિલ્લા સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા હિંસાથી પીડિત ૧૪૨૫ બહેનોને મદદ

**મહિલાઓને તબીબી, કાયદાકીય, હંગામી ધોરણે આશ્રય સહિતની સેવાઓ**

અમરેલી તા.૫

મહિલાઓને મુશ્કેલીઓના સમયમાં અમરેલી જિલ્લાનું સખી વન સ્ટોપ સેન્ટર વહારે આવી રહ્યું છે. જિલ્લામાં હિંસાથી પીડિત ૧,૪૨૫ બહેનોને સખી વન સ્ટોપ સેન્ટરના માધ્યમથી વિવિધ મદદ પૂરી પાડવામાં આવી છે. ભારત સરકાર પ્રસ્તુત મહિલા અને બાળ વિકાસ વિભાગ–ગાંધીનગર દ્વારા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર અમરેલી અને જિલ્લા મહિલા અને બાળ અધિકારી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારી સંરક્ષણ અધિકારીના માર્ગદર્શન દ્વારા અમરેલી જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષથી ૨૪×૭ કાર્યરત છે. હિંસાથી પીડિત બહેનોને વિવિધ મદદ મળી રહે તે માટે કાર્યવાહી કરવામાં આવે છે.

કોઈપણ પ્રકારની હિંસાનો ભોગ બન્યા હોય તે મહિલાને સખી વન સ્ટોપ સેન્ટર પર અને સેન્ટર દ્વારા તબીબી સહાય પોલીસ અને કાનૂની મદદ હંગામી ધોરણે આશ્રય અને સામાજિક પરામર્શ તેમજ કાયદાકીય મદદ જેવી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. હિંસાથી પીડિત ૧,૪૨૫ જેટલી મહિલાઓને વિવિધ મદદ પૂરી પાડવામાં આવી છે.

જિલ્લાના કોઈપણ ખૂણે હોય અને મહિલાઓને સમસ્યા હોય તો તે મહિલાએ દિવસ–રાત કોઈપણ સમયે ૧૮૧ વન સ્ટોપ સેન્ટર પર સંપર્ક કરવો અને સખી વન સ્ટોપની મદદ મેળવી શકે છે, તેમ સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલકએ એક યાદીમાં જણાવ્યું છે.

## ચલાલા ૧૬માં ઈન્ટરનેશનલ મેકફેર પોગ્રામમાં ભાગ લેવા ગાયત્રી સંસ્કારનાં વિદ્યાર્થીઓ રવાના



ચલાલા, તા. ૫

ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ૧૬માં ઈન્ટરનેશનલ મેકફેર લખનવ ખાતે ભાગ લીધો જેમાં ડ્રામા, કલ્ચર પ્રોગ્રામ, સાયન્સટીસ્ટ જેવા કાર્યક્રમોમાં જોડાશે. ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી પુ. ડો. રતિદાદા સંસ્થાના ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા શાળાના સ્ટાફ ગણે શુભેચ્છા પાઠવી અને સન્માન પૂર્વક વિદાય આપી.

## લીલીયા મોટા : 30 સપ્ટેમ્બર સુધી આઈ ટી આઈમાં પ્રવેશ ચાલું છે

અમરેલી, તા. ૫

ઔદ્યોગિક તાલીમ સંસ્થા લીલીયામાં વિવિધ પ્રકારના જીસીવીટી વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માટે પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે પ્રવેશસત્ર ૨૦૨૪માં ભરવાપાત્ર બેઠકો માટે ધો. ૮ પાસ તેમજ ધો. ૧૦ પાસ ઉમેદવારો માટે ચોથા રાઉન્ડની કાર્યવાહી તા. ૩૦/૯/૨૦૨૪ સુધી લંબાવવામાં આવતા https://itiadmission. gujrat. gov.in વેબસાઈટ પર ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની તથા સંસ્થા ખાતે રજીસ્ટ્રેશન કરવાની પ્રક્રિયા ચાલું છે. ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૦/૦૯/૨૦૨૪ સાંજના ૫.૦૦ કલાક સુધી હોય, સંસ્થાના કોપા (૧૦ પાસ), વાયરમેન (૮ પાસ), સુઈગ અને ટેકનોલોજી (૮ પાસ) જેવા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા લાયકાત ધરાવતા ઉમેદવારોએ વહેલા તે પહેલાના ધોરણે સંસ્થા ખાતે રૂબરૂ હાજર રહી પ્રવેશ મેળવવાનો રહેશે. વધુ માહિતી માટે આઈ.ટી.આઈ લીલીયા રૂબરૂ સંપર્ક કરવા આચાર્યની યાદી જણાવે છે.

**શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા એક દિવસ શિક્ષક બની શૈક્ષણિક કાર્ય**

## બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં શિક્ષક દિવસની ઉજવણી કરાઈ

**શાળાના ટ્રસ્ટીઓ દ્વારા રાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન કવન વિશે વિદ્યાર્થીઓ ને માહિતગાર કરાયા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૫

સમગ્ર દેશમાં આજે દેશના પ્રથમ રાષ્ટ્રપતિ અને એક શિક્ષક એવા ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસ પર શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવે છે.

બાબરામાં પંચશીલ વિદ્યાલયમાં પણ શિક્ષક દિવસની ઉજવણી કરવામાં આવી હતી અહીં શાળાના ૧૯૨ જેટલા વિદ્યાર્થીઓ ધો ૧ થી ૧૨ માં અલગ અલગ વિષયના શિક્ષક બની શૈક્ષણિક કાર્ય કરો શિક્ષક ની ભૂમિકા ભજવી હતી.

શાળાના ટ્રસ્ટી પ્રકાશભાઈ ગોલેતર, અરવિંદ ભાઈ ધોળકિયા, મહેશભાઈ કોરાટ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષક દિવસનું મહત્વ સમજાવ્યું હતું

### શિવાજીની મૂર્તિ મામલે રાહુલ ગાંધીના આકરા પ્રહાર

# પીએમ મોદીએ મહારાષ્ટ્રના દરેક વ્યક્તિ જોડે માફી માંગવી જોઈએ

## રાહુલ ગાંધીએ મહારાષ્ટ્રના સાંગલી જિલ્લામાં કોંગ્રેસના દિવંગત નેતા પતંગરાવ કદમની પ્રતિમાનું અનાવરણ કર્યું

સાંગલી, તા.૫

મહારાષ્ટ્રના સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટવા અંગે હજુ પણ રાજકારણ ચાલી રહ્યું છે. હવે લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આ અંગે કેન્દ્ર સરકારને ઘેર્યા છે. રાહુલ ગાંધી હાલ મહારાષ્ટ્રની એક દિવસની મુલાકાતે છે. તેમણે સાંગલી જિલ્લામાં કોંગ્રેસના દિવંગત નેતા પતંગરાવ કદમની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ દરમિયાન તેમણે એક જનસભાને સંબોધી વડાપ્રધાન મોદીને મહારાષ્ટ્રના દરેક વ્યક્તિ જોડે માફી માંગવાની માંગ પણ કરી હતી.

રાહલુ ગાંધીએ કહ્યું હતું કે, 'મહારાષ્ટ્ર એ કોંગ્રેસની વિચારધારાનું ગઢ છે, અહીંના લોકોમાં અમારી પાર્ટીનું ડીએનએ છે. કોંગ્રેસ પાર્ટી અને અમારું ગઠબંધન સુનિશ્ચિત કરશે કે દેશમાં જાતિ આધારિત વસતી ગણતરી થાય. હું જાણવા માંગુ છું કે શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડતાં વડાપ્રધાને માફી માંગી એ પાછળ શું કારણ હતું. વડાપ્રધાને ન માત્ર શિવાજી મહારાજ, પરંતુ મહારાષ્ટ્રના દરેક વ્યક્તિથી માફી માંગવી જોઈએ.'

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો હતો કે, 'પ્રતિમા બનાવવાનું કોન્ટ્રાક્ટ આરએસએસના લોકોને આપવામાં આવ્યું હતું. પ્રતિમા બનાવવામાં ભ્રષ્ટાચાર થયો હતો, ચોરી થઈ, કદાચ આ માટે જ તેઓ (પીએમ મોદી) માફી માંગી રહ્યા છે. મહારાષ્ટ્રના લોકો સાથે ચોરી થઈ, તેમણે શિવાજી મહારાજની યાદમાં પ્રતિમા બનાઈ અને એ પણ ધ્યાન ન આપ્યુ કે આ પ્રતિમા ઉભી રહી શકે.' મહારાષ્ટ્રના રાજકારણ અને સમાજમાં શિવાજી મહારાજ એક ભાવનાત્મક પાસું છે. કોઈ પણ દળ કે નેતા તેમના સન્માનની સાથે જ રાજકારણ કરી શકે છે. દરમિયાન તેમની પ્રતિમા ધરાશાયી થવી એક સંવેદનશીલ મુદ્દો છે. જો ચૂંટણી સુધી આ મુદ્દો ખેંચાયો તો પછી એનડીએ ગઠબંધનને તેનું નુકસાન થઈ શકે છે.

### હાલ રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે

# આગામી ૭ દિવસ રાજ્યમાં ફરી વરસાદની આગાહી કરાઈ

## અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગરમાં યલો એલર્ટ આપ્યુ છે કચ્છ, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં પણ અતિભારે વરસાદ પડી શકે છે

અમદાવાદ, તા.૫

રાજ્યમાં વરસાદનો હજુ એક રાઉન્ડ જોવા મળશે. આગામી ૭ દિવસ રાજ્યમાં ફરી વરસાદની આગાહી કરાઈ છે. આજે ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. જેમા સાબરકાંઠા અને બનાસકાંઠામાં અતિભારે વરસાદ પડી શકે છે. આ બંને જિલ્લામાં હવામાન વિભાગે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે અરવલ્લી, મહેસાણા, પાટણ અને ગાંધીનગરમાં યલો એલર્ટ આપ્યુ છે. કચ્છ, વલસાડ, દમણ, દાદરાનગર હવેલીમાં પણ અતિભારે વરસાદ પડી શકે છે.

હાલ રાજ્યમાં બે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. સાયકલોનિક સર્ક્યુલેશન અને મોન્સુન ટ્રફના કારણે ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટા પડશે. જેમા અમદાવાદમાં હળવા વરસાદની આગાહી છે. હાલ ગુજરાત પર એક નહીં અનેક વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. જેના કારણે ગુજરાતમાં હાલ વરસાદ પડી રહ્યો છે. જો કે આગામી દિવસોમાં ગુજરાતને મૂશળધાર વરસાદથી રાહત મળી શકે છે.

આ વર્ષે મેઘરાજાએ ગુજરાત પર ભરપૂર મહેર વરસાવી છે. અત્યાર સુધી ગુજરાતમાં ૧૧૮ ટકા વરસાદ વરસી ગયો છે. જો કે હજુ પણ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં વરસાદની ઘટ છે. સમગ્ર ગુજરાતના આંકડાઓની વાત કરીએ તો કચ્છમાં ૧૮૩ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૮ ટકા, મધ્ય ગુજરાતમાં ૧૧૫ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૨૬ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૧૨૦ ટકા વરસાદ પડ્યો છે.

### મોદીએ સિંગાપોરમાં કંપનીઓની લીધી મુલાકાત

# ભારતને સેમિકન્ડક્ટરનું હબ બનાવવાનું પીએમનું સપનું

## ભારત-સિંગાપોર દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા

નવી દિલ્હી,તા.૫

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના સિંગાપોરના સમકક્ષ લોરેન્સ વોંગ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કર્યા બાદ સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપનીઓમાંની એકની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેઓએ આ મહત્વપૂર્ણ ઉદ્યોગમાં સહકારની રીતો પર ચર્ચા કરી. છેવટે, સેમિકન્ડક્ટર શું છે, જેના માટે પીએમ મોદી ભારતને હબ બનાવવા માંગે છે? તમને આ પણ કહેશે. પરંતુ પહેલા જાણી લો કે પીએમ મોદી વોંગના આમંત્રણ પર બે દિવસીય સિંગાપોરની મુલાકાતે છે.

ભારતીય વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓએ છઈસ હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી જ્યાં તેઓને વૈશ્વિક સેમિકન્ડક્ટર મૂલ્ય શૃંખલામાં કંપનીની ભૂમિકા, તેની કામગીરી અને ભારત માટેની તેની યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલય (MEA) ના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર માહિતી આપી, "અદ્યતન ઉત્પાદન ક્ષેત્રે સંબંધોને પ્રોત્સાહન આપવું. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને (સિંગાપોરના) વડા પ્રધાન લોરેન્સ વોંગે આજે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ ક્ષેત્રે સિંગાપોરની અગ્રણી કંપની AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લીધી હતી.

સિંગાપોર સેમિકન્ડક્ટર ઈન્ડસ્ટ્રી એસોસિએશને દેશમાં સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમના વિકાસ અને ભારત સાથે સહકારની તકો વિશે માહિતી આપી હતી. "ભારતમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવવાના અમારા પ્રયાસોને ધ્યાનમાં રાખીને અને આ ક્ષેત્રમાં સિંગાપોરની કુશળતાને ધ્યાનમાં રાખીને, બંને પક્ષોએ દ્વિપક્ષીય સહયોગને વિસ્તૃત કરવાનો નિર્ણય લીધો છે," તેમણે જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પીએમ મોદી ભારતને સેમિકન્ડક્ટર હબ બનાવવા માંગે છે. ભારત-સિંગાપોર મંત્રી સ્તરીય રાઉન્ડ ટેબલ દરમિયાન, બંને પક્ષો દ્વિપક્ષીય સહયોગ વધારવા માટે સેમિકન્ડક્ટર પર ધ્યાન કેન્દ્રિત કરીને અદ્યતન ઉત્પાદનને પ્રોત્સાહન આપવા સંમત થયા હતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ઈકોસિસ્ટમ પાર્ટનરશીપ પર એમઓયુને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

સિંગાપોરના પીએમ વોંગને ૧૧ સપ્ટેમ્બરે ગ્રેટર નોઈડામાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. જયસ્વાલે AEMમાં કામ કરતા સિંગાપોરના તાલીમાર્થીઓ અને ભારતીય ઈજનેરો સાથેની વાતચીત પર લખ્યું, જેમણે AEM હેઠળ ભારતની મુલાકાત લીધી છે." બંને નેતાઓ દ્વારા કંપનીની મુલાકાત આ ક્ષેત્રમાં સહકાર માટે બંને પક્ષોની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મોદીએ તેમની સાથે AEM હોલ્ડિંગ્સ લિમિટેડની મુલાકાત લેવા બદલ પ્રમુખ વોંગની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન મોદીએ સિંગાપોરની સેમિકન્ડક્ટર કંપનીઓને ૧૧ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન ગ્રેટર નોઈડામાં યોજાનાર સેમિકોન ઈન્ડિયા પ્રદર્શનમાં ભાગ લેવા માટે પણ આમંત્રણ આપ્યું હતું. બ્રુનેઈની મુલાકાત પૂર્ણ કરીને મોદી સિંગાપુર પહોંચી ગયા છે.

સેમિકન્ડક્ટર અર્ધચાલક છે. આજકાલ, સેમિકન્ડક્ટરનો ઉપયોગ સ્માર્ટ ફોન, સ્માર્ટ કમ્પ્યુટિંગ, સ્માર્ટ ટીવી વગેરે સહિત અન્ય તમામ ઈલેક્ટ્રોનિક ઉપકરણોમાં થાય છે. આ સેમિકન્ડક્ટર્સ સિલિકોન, જર્મેનિયમ, ગેલિયમ આર્સેનાઈડ વગેરેમાંથી બનાવવામાં આવે છે જે હવાના મુક્ત પ્રવાહને મંજૂરી આપે છે અથવા તેને પાછળ ધકેલે છે. તેઓ ઉત્તમ ઈન્સ્યુલેટર તરીકે પણ કામ કરે છે. તે ચોક્કસ પરિસ્થિતિઓમાં ઈલેક્ટ્રોનને તેની અંદર વહેવા દે છે. તેનો ઉપયોગ મેમરી ઉપકરણો, માઈક્રોપ્રોસેસર્સ અને CMOS સેન્સરમાં થાય છે.

### આ કેસમાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ચુકાદો આવશે

# કેજરીવાલના જામીન ઉપર સુપ્રીમ કોર્ટેનો ચુકાદો અનામત

## વકીલ અભિષેક સિંઘવીએ કોર્ટને જણાવ્યું કે ધરપકડ પહેલાં સીબીઆઈએ તેમને કોઈ નોટિસ આપી નહોતી

નવી દિલ્હી, તા.૫

સુપ્રીમ કોર્ટે ગુરુવાર (૫ સપ્ટેમ્બર ૨૦૨૪)ના રોજ દિલ્હી દારૂ નીતિ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન પર ચુકાદો અનામત રાખ્યો છે. આ કેસમાં ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ ચુકાદો આવશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે કથિત દારૂ કૌભાંડમાં સીબીઆઈએ લગભગ બે વર્ષ સુધી તેમની ધરપકડ કરી નહોતી અને જ્યારે ઈડી દ્વારા દાખલ કરાયેલા મની લોન્ડરિંગ કેસમાં જામીન મળ્યા ત્યારે ૨૬ જૂને ધરપકડ કરી. તેમના વકીલ અભિષેક સિંઘવીએ કોર્ટને જણાવ્યું કે ધરપકડ પહેલાં સીબીઆઈએ તેમને કોઈ નોટિસ આપી નહોતી.

વકીલ અભિષેક મનુ સિંઘવીએ સુપ્રીમ કોર્ટને દિલ્હીના મુખ્યમંત્રી માટે જામીનની વિનંતી કરતા કહ્યું કે અરવિંદ કેજરીવાલ એક બંધારણીય પદના પદાધિકારી છે અને તેમના ભાગી જવાનો કોઈ ખતરો નથી. આના પર એસવી રાજુએ કહ્યું કે કાયદામાં કોઈ ખાસ વ્યક્તિ નથી હોતી, બધા સામાન્ય માણસ હોય છે.

એસજી રાજુએ સુપ્રીમ કોર્ટને કહ્યું, "મને જણાવવામાં આવ્યું છે કે કોર્ટે પણ ચાર્જશીટનું સંજ્ઞાન લીધું છે. એનો અર્થ એ છે કે પ્રથમ દૃષ્ટિએ કેસ બને છે. આજે જો માનનીય જસ્ટિસ સીએમ કેજરીવાલને જામીન આપે છે તો તે હાઈકોર્ટ માટે મનોબળ તોડનારી બાબત હશે."

કેસની સુનાવણી દરમિયાન જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે અહીં સવાલ એ છે કે શું જામીનના કેસમાં અમારે આટલો લાંબો સમય સુનાવણી કરવી જોઈએ? શું સામાન્ય લોકોને પણ આટલો સમય મળે છે? જોકે આ કેસમાં ઝ્રમ્ૈં તરફથી હાજર રહેલા છજીય્એ કહ્યું કે અરજદારે જેટલો સમય પોતાની દલીલ રજૂ કરવામાં આપ્યો છે, એજન્સીને પણ એટલો જ સમય આપવો જોઈએ. સિંઘવીએ જવાબ આપ્યો કે ૨૦૨૩માં સીબીઆઈએ કેજરીવાલને સાક્ષી તરીકે બોલાવ્યા હતા. માર્ચમાં આચારસંહિતા લાગુ થઈ. પછી ઈડીએ ધરપકડ કરી. સુપ્રીમ કોર્ટે ૧૦ મેના રોજ વચગાળાની જામીન પર મુક્ત કર્યા. જૂનમાં ટ્રાયલ કોર્ટે જામીન આપ્યા. તો પછી ધરપકડની શું જરૂર હતી? અટકાયતમાં રહેવા દરમિયાન ૩ મહિનામાં શું થયું?

કેજરીવાલ તરફથી કેસની પૈરવી કરી રહેલા તેમના વકીલ અભિષેક મનુ સિંઘવીએ કેજરીવાલની ધરપકડને સીબીઆઈની 'ઈન્શ્યોરન્સ અરેસ્ટિંગ' (વીમા ધરપકડ) ગણાવી છે. તેમણે કહ્યું કે આ સંપૂર્ણપણે ગેરકાયદેસર છે. સીબીઆઈએ આ ધરપકડ કેજરીવાલને જેલમાં રાખવા માટે કરી છે. ઈડી કેસમાં પહેલેથી જ કોર્ટે મુખ્યમંત્રીની મુક્તિનો આદેશ આપ્યો હતો.

### છેવટે માની શરદ પવારની વાત

# CM પદ પર દાવો કરતી ઉદ્ધવ સેનાનું કોંગ્રેસ-શરદ પવાર આગળ સરેન્ડર

## રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડી (MVA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે

મુંબઈ, તા.૫

ઉદ્ધવ ઠાકરેની શિવસેના યુબીટીએ મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી પહેલા મુખ્યમંત્રી પદ પર દાવો કર્યા બાદ પાછીપાની કરી છે. કોંગ્રેસ અને શરદ પવાર જૂથે ઠાકરેને દાવાને મહત્વ ન આપતા છેવટે પાર્ટીના નેતા સંજય રાઉતે મુખ્યમંત્રી પદ અંગે મહત્વની ટિપ્પણી કરી છે. રાઉતે કહ્યું કે, મહાવિકાસ અઘાડી (MVA)ના મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. સંજય રાઉતે કહ્યું કે, 'મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે એમવીએના મુખ્યમંત્રી પદના ચહેરા અંગે ચૂંટણી બાદ પણ વાતચીત થઈ શકે છે. હાલ અમારું લક્ષ્ય રાજ્યમાંથી ભ્રષ્ટ વર્તમાન સરકારને હટાવવાનું છે.' આ પહેલા શરદ પવારે કહ્યું હતું કે, હાલ એમવીએને મુખ્યમંત્રી પદ માટે ચહેરો જાહેર કરવાની કોઈ જરૂર નથી. આ અંગેનો નિર્ણય ચૂંટણી પરિણામો બાદ સંખ્યાબળના આધારે લઈ શકાય છે.

ગઈકાલે પવારે આપેલા નિવેદન બાદ આજે સંજય રાઉતે કહ્યું કે, 'પવાર સાહેબ ૧૦૦ ટકા સત્ય કહી રહ્યા છે. આ (મહાયુતિ) ત્રણ પક્ષોની સરકાર છે અને મહારાષ્ટ્રમાં એમવીએને જ બહુમતી મળી રહી છે. અમારું પ્રથમ કામ વર્તમાન સરકારને હટાવવાનું છે. અમે પછી કોઈપણ સમયે મુખ્યમંત્રી પદ અંગે વાત કરી શકીએ છીએ.' રાઉતના નિવેદન બાદ એવું લાગી રહ્યું છે કે, તેમની પાર્ટીએ મુખ્યમંત્રી પદના દાવા પરથી પાછીપાની કરી છે. આ ઉપરાંત શિવસેના નેતા આદિત્ય ઠાકરેએ બુધવારે કહ્યું હતું કે, એમવીએના સાથી પક્ષો વચ્ચે મુખ્યમંત્રી પદ અંગે કોઈપણ મતભેદ નથી. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રમાં નવેમ્બરમાં મતદાન થવાનું છે. તે વખતે ઉદ્ધવ ઠાકરે દાવો કરતા તો કરી ગયા, પરંતુ ત્યારબાદ કોંગ્રેસ અને શરદ પવાર જૂથે તેમના નિવેદનને કોઈ મહત્ત્વ આપ્યું ન હતું. એટલું જ નહીં શરદ પવારે કહ્યું હતું કે, અમે મુખ્યમંત્રી પદના ચહેરા વગર ચૂંટણી મેદાનમાં ઉતરીશું અને અમારો ટાર્ગેટ એનડીએને સત્તા પરથી બહાર કરવાનો છે.

આ પહેલા શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે છેલ્લા એક મહિનાથી કહી રહ્યા હતા કે, મહાવિકાસ અઘાડી તરફથી મુખ્યમંત્રી પદનો ચહેરો ચૂંટણી પહેલા નક્કી કરી લેવો જોઈએ. તેમણે કહ્યું હતું કે, ગઠબંધનમાં સૌથી વધુ બેઠકો કયા પક્ષને મળી, તે આધારે મુખ્યમંત્રીનો ચહેરો નક્કી ન કરવો જોઈએ. તેમનો સ્પષ્ટ ઈશારો હતો કે, મુખ્યમંત્રી પદ પર ઉદ્ધવ સેનાનો દાવો છે અને આ માટે તેમના નેતાને ચહેરો બનાવવામાં આવે.

### નોટિફિકેશન જાહેર ન થતાં ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી

# ગાંધીનગરમાં ટેટ-ટાટ પાસ ઉમેદવારોનો કાયમી ભરતીને લઈને ઉગ્ર વિરોધ

## શિક્ષક દિને જ શિક્ષકો આંદોલનના મૂડમાં જણાતાં પોલીસે તેમની અટકાયત કરી લીધી

ગાંધીનગર, તા.૫

દેશભરમાં આજે શિક્ષક દિનની ઉજવણી થઈ રહી છે. ત્યારે ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં સચિવાલય ખાતે પોતાના હક માટે ભાવિ શિક્ષકોએ બાયો ચઢાવી છે. કાયમી ભરતી કરવા અને નોટિફિકેશન બહાર પાડવાની માગ સાથે મોટી સંખ્યામાં ટેટ-ટાટ પાસ ઉમેદવારો રજૂઆત કરવા માટે પહોંચ્યા છે. ઉમેદવારોનું કહેવું છે કે મુખ્યમંત્રીએ જાહેરાત કર્યા પછી પણ કાયમી ભરતી કરાતી નથી. શિક્ષક દિને જ શિક્ષકો આંદોલનના મૂડમાં જણાતાં પોલીસે તેમની અટકાયત કરી લીધી છે. સચિવાલય બહાર વિરોધ કરી રહેલા ઉમેદવારોને ડિટેઈન કરાતાં અન્ય ઉમેદવારો ચ-૩ અંને ઘ-૩ સર્કલ પર પહોંચ્યા હતા અને ત્યાં પણ ચક્કાજામ કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રાજ્ય સરકારે અગાઉ શિક્ષકોની ભરતીની જાહેરાત કરી હતી, જેમાં TAT HSની ૪ હજાર જગ્યાની ભરતી માટે ૧ સપ્ટેમ્બરે નોટિફિકેશન જાહેર થશે એવું કહેવામાં આવ્યું હતું. નોટિફિકેશન જાહેર ન થતાં ઉમેદવારોએ આંદોલનની જાહેરાત કરી હતી. ત્યારે આજે TAT પાસ ઉમેદવારો 'શિક્ષક દિન' નિમિત્તે ગાંધીનગર ખાતે ધરણાં પ્રદર્શન કરવા પહોંચ્યા છે. રાજ્યમાં ખાલી પડેલી ઉમેદવારોની જગ્યા પર ભરતી અંગે આજે ગાંધીનગરમાં ઉમેદવારો ધરણાં પ્રદર્શન કરવા માટે પહોંચ્યા હતા. આજે ગુજરાત સહિત દેશભરમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગરમાં એકવાર ફરી ઉમેદવારો દ્વારા ભરતી, પગાર સહિતના વિવિદ મુદ્દાઓ સાથે ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું. વિરોધપ્રદર્શન કરી રહેલા ઉમેદવારોનું કહેવું છે કે રાજ્ય સરકારે અગાઉ ઉમેદવારોની ખાલી પડેલી જગ્યાઓ પર ભરતી કરવાની જાહેરાત કરી હતી.

ઉમેદવારોએ આગળ જણાવ્યું, આ જાહેરાતમાં TAT HSની ૪ હજાર જગ્યાની ભરતી માટે ૧ સપ્ટેમ્બરના રોજ નોટિફિકેશન જાહેર થશે એવું કહેવામાં આવ્યું હતું, પરંતુ ત્યાર સુધી સરકાર દ્વારા નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી. આથી અમે ફરી એકવાર ગાંધીનગર આંદોલન કરવાના છીએ. સરકાર અમારી માગોનું જલદી નિરાકરણ લાવે એવી અમારી માગ છે.ટેટ-ટાટ પાસ ઉમેદવારે જણાવ્યું હતું કે અમે ૧૮ જૂને રજૂઆત કરવા આવ્યા હતા, ત્યારે અમને સચિવાલયમાં રજૂઆત કરવા જવા દીધા ન હતા. એ બાદ ઋષિકેશ પટેલે એવું કહ્યું હતું કે અમે જલદી નોટિફિકેશન બહાર પાડીશું અને ૨૪૭૦૦ની ભરતી બહાર પાડીશું. ત્યારે ૧ સપ્ટેમ્બરની વાત કહેવામાં આવી હતી. આજે ૫ સપ્ટેમ્બર છે. ૪ તારીખ સુધી અમે રાહ જોઈ, પણ કોઈ નોટિફિકેશન આવ્યું નહિ, જેથી આજે અમે મુખ્યમંત્રીને રજૂઆત કરવા આવ્યા છીએ. જ્યારે ગુજરાતનો શિક્ષક રસ્તે રખડતો હોય અને પોતાના ન્યાય માટે માગણી કરતો હોય તોય રજૂઆત કરવા દેતા નથી.

અમને એવું કહ્યું હતું કે ૫ લોકોને અમે રજૂઆત કરવા લઈ જશું. જ્યારે પરીક્ષાની જાહેરાત કરી એના ૧૪ દિવસમાં જ પરીક્ષા લઈ લીધી હતી, અમને વાંચવાનો પણ વધુ ટાઈમ આપ્યો નહોતો. એમ છતાં અમે એ પરીક્ષા પાસ કરી લીધી હતી. આજે અમે એક વર્ષથી કહી રહ્યા છીએ કે અમારી ભરતી કરો. એમ છતાં ભરતી કરવામાં આવી નથી. જ્ઞાન સહાયકની યોજના અમલમાં મૂકી છે, જે એક ટેમ્પરરી યોજના છે, જ્યારે કાયમી ઉમેદવારો પાસ થઈને બેઠા છે તો ટેમ્પરરી ઉમેદવારોની જરૂર જ શું છે? જ્યારે કાયમી શિક્ષક ઉપલબ્ધ ના હોય તો ટેમ્પરરી શિક્ષકની જરૂર પડે, પણ હાલ કેટલાય કાયમી ઉમેદવારો પરીક્ષા પાસ કરીને બેઠા છે તો તેમની ભરતી કરવાના બદલે જ્ઞાન સહાયકની યોજનાને વધારી રહ્યા છે.

યુવરાજસિંહે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા જે કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું છે એ મુજબ ભરતી કરવામાં આવી નથી. જે-તે સમયે વાત કરવામાં આવી હતી કે ૨૪,૭૦૦ શિક્ષકોની અમે ભરતી કરીશું, પરંતુ જે-તે વખતે જાહેર કરવામાં આવેલી તારીખો જતી રહી છે, પણ ભરતી કરવામાં આવી નથી. જેથી વિદ્યાર્થીઓ પોતાની માગણી વ્યક્ત કરી રહ્યા છે કે તમે જે વચનો આપ્યાં હતાં એ પૂરાં કરો. આજે શિક્ષક દિવસ છે. ત્યારે શિક્ષક શાળામાં શોભે, શિક્ષક ક્યારેય રસ્તા પર ના શોભે, પરંતુ આજે આ શિક્ષકોને પોતાની માગણી મુદ્દે રસ્તા પર આવવું પડ્યુ છે, કેમ કે તેમને સાંભળવા માટે કોઈ અધિકારી કે પદાઅધિકારી તૈયાર નથી. શિક્ષક દિનના રોજ નેતાઓ બેનરો મારે છે કે શિક્ષકો સાધારણ નથી હોતા. આ ગુરુઓ છે, જેઓ તમારાં બાળકોનું ભવિષ્ય સુધારવાના છે. આપણે ભૂતિયા શિક્ષકો પણ જોયા છે, જે વિદેશમાં છે એમ છતાં સરકારને તેમને પગાર આપવો પરવડે છે, પણ આ ખરેખર લાયક ઉમેદવારો છે તેમની ભરતી કરવી નથી.

અમારી એક જ માગણી છે કે આ અગાઉ શિક્ષણમંત્રીએ કહ્યું હતું કે ૧૫ જૂને કાયમી ભરતી આવશે. અમે વિશ્વાસ કર્યો, ના આવી એટલે અમે આંદોલન કર્યું. એ બાદ આંદોલન પછી તંત્રએ પ્રેસ-કોન્ફરન્સ કરી મુખ્યમંત્રી સહિત નેતાઓએ અલગ અલગ પ્લેટફોર્મ પરથી જાહેરાત કરી. પ્રેસ-કોન્ફરન્સમાં ઋષિકેશ પટેલે જાહેરાત કરી કે ૧ સપ્ટેમ્બરની આજુબાજુ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતીપ્રક્રિયા શરૂ થઈ જશે અને હજુ પણ કુબેરભાઈ કહે છે કે દિવાળી પહેલાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ જશે. જો હજુ નોટિફેકશન નહીં આવે તો દિવાળી પહેલાં કઈ રીતે પ્રક્રિયા પુરી થશે. માટે અમારી ફક્ત એક જ માગ છે કે તમે ૧ સપ્ટેમ્બર તારીખ આપો છો તો કાયમી શિક્ષકોની ભરતીનું નોટિફેકશન તો બહાર પાડો. આજે ૫મી સપ્ટેમ્બર છે, શિક્ષકોનો દિવસ છે, સરકાર વાયદા પર વાયદા કેટલા કરશો. આજે અમે ફક્ત નોટિફેકશન માટે અને અમારો એક મહત્ત્વનો મુદ્દો છે કે જૂના શિક્ષકોની જે જગ્યામાં વધારો કર્યો છે એટલે કે એ જૂના શિક્ષકોની જગ્યા નથી, એ એક ભરતી થયેલા શિક્ષકોની બદલી પ્રક્રિયા છે, પણ એને ભરતી નામ આપવામાં આવ્યું છે. તો માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને તમામ માધ્યમોમાં જગ્યા વધારવામાં આવે. જે ૨૪,૭૦૦ જગ્યા છે એમાં વધારે જગ્યા ખાલી પડશે. તો એ જગ્યાને વધારવામાં આવે, કારણ કે માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિકમાં પૂરતી જગ્યા નથી.

અમારી બસ એક જ માગ છે કે આજે તમે નોટિફેકશન જાહેર કરો અને અમે તો ખાલી રજૂઆત કરવા આવ્યા છીએ. ત્યાં તો અમે સચિવાલય સુધી ના પહોંચીએ એ માટે સચિવાલય સામે અમને ઊભા રાખી દીધા છે. હવે જોઈએ આગળ શું થાય છે, અમને રજૂઆત કરવા દે છે કે નહીં અથવા દર વખતની જેમ અમને ડિટેઈન કરી બેસાડી રાખી અમારો દિવસ ફેઈલ કરે છે. અમારે ફક્ત આવેદન આપી રજૂઆત કરવી છે અને શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીને મળવું છે અને કહેવું છે, 'દાદા તમે તો સંવેદનશીલ છો, અમે તમારા પર વિશ્વાસ મૂક્યો છે, તમે તો અમારી લાગણીઓ સાથે રમો છો. શિક્ષણમંત્રી, પ્રવક્તા મંત્રી હોય કે મુખ્યમંત્રીએ જાહેરાત કર્યા પછી પણ જો આટલુ સહન કરવું પડે તો આપણે ક્યાં ગુજરાતમાં જીવી રહ્યાં છીએ એ મને ખબર નથી પડી રહી. કોઈપણ પ્રકારનો વાયદો હજુ સુધી સમયસર પૂરો કરવામાં આવ્યો નથી.

ગાંધીનગર સચિવાલય બહાર ધરણાં કરી રહેલા શિક્ષકોને ડિટેઈન કરવામાં આવતાં અન્ય ઉમેદવારો ચ-૩ અને ઘ-૩ સર્કલ પર પહોંચ્યા હતા અને ચક્કાજામ કરી ધરણાં શરૂ કર્યાં હતાં. ધરણાંને કારણે એક તરફનો રોડ બંધ થઈ જતાં ટ્રાફિકજામનાં દૃશ્યો સર્જાયાં હતાં.

### હરિયાણામાં ચૂંટણી પહેલા ભાજપમાં બળવો

# હરિયાણામાં ૨૪ જ કલાકમાં ધડાધડ ૨૦ રાજીનામા પડ્યા

## યાદી જાહેર થયા બાદ ભાજપને નારાજગીનો પણ સામનો કરવો પડ્યો છે : ઘણા નેતાઓના પક્ષમાંથી રાજીનામા

ચંદીગઢ, તા.૫

ભાજપે બુધવારે હરિયાણાની ૯૦ વિધાનસભા બેઠકોની ચૂંટણી માટે ૬૭ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. પરંતુ આ યાદી જાહેર થયા બાદ ભાજપને તેના નેતાઓની નારાજગીનો પણ સામનો કરવો પડ્યો છે. ઘણા નેતાઓએ પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે. કેટલાકે અપક્ષ તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ઉર્જા મંત્રી રણજીત સિંહ ચૌટાલા અને ધારાસભ્ય લક્ષ્મણ દાસ નાપા સહિત ઘણા નેતાઓએ ટિકિટ ન મળવા પર નારાજગી વ્યક્ત કરીને પક્ષ છોડવાની જાહેરાત કરી છે. જુઓ અત્યાર સુધી કયા નેતાઓએ પક્ષ સાથે છેડો ફાડ્યો છે. લક્ષ્મણ નાપાઃ રતિયાના ધારાસભ્યએ ટિકિટ ન મળવાના કારણે ભાજપમાંથી રાજીનામું આપ્યું છે. સિરસાના પૂર્વ સાંસદ સુનીતા દુગ્ગલને રતિયાથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. કરણ દેવ કંબોજઃ હરિયાણા ભાજપ ઓબીસી મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને પૂર્વ મંત્રી ઈન્દ્રીને વિધાનસભા બેઠક માટે ટિકિટ ન મળતાં પક્ષના તમામ પદો પરથી રાજીનામું આપી દીધું છે.

વિકાસ ઉર્ફે બલેઃ દાદરી કિસાન મોરચાના જિલ્લા અધ્યક્ષે ભાજપમાંથી રાજીનામું આપી દીધું છે.

અમિત જૈનઃ ભાજપ યુવા પ્રદેશ કાર્યકારિણીના સભ્ય અને સોનીપત વિધાનસભા ચૂંટણીના પ્રભારીએ રાજીનામું આપ્યું છે.

શમશેર ગિલઃ ભાજપના નેતાએ ઉકલાના બેઠક માટે રાજીનામું મોકલ્યું હતું, જ્યારે પક્ષએ આ બેઠક માટે પૂર્વ મંત્રી અનુપ ધાનકની પસંદગી કરી હતી.

સુખવિંદર મંડીઃ હરિયાણા ભાજપ કિસાન મોરચાના પ્રદેશ અધ્યક્ષે પક્ષમાંથી રાજીનામું આપી દીધું છે.

દર્શન ગિરી મહારાજઃ હિસારના ભાજપ નેતાએ પણ રાજીનામું આપ્યું.

સીમા ગેબીપુરઃ ભાજપના વરિષ્ઠ નેતાએ પક્ષના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે.

આદિત્ય ચૌટાલાઃ HSAM બોર્ડના અધ્યક્ષ પદ પરથી રાજીનામું આપ્યું છે. ચૌટાલાએ ૨૦૧૪માં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી. આશુ શેરાઃ પાણીપતમાં ભાજપ મહિલા પાંખના જિલ્લા અધ્યક્ષે રાજીનામું આપ્યું છે, ટિકિટ કેન્સલ થવા પર નારાજગી વ્યક્ત કરી હતી. સવિતા જિંદાલઃ ભાજપમાંથી રાજીનામું આપ્યું અને હિસારથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી.

તરુણ જૈનઃ હિસારથી અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. નવીન ગોયલે ગુડગાંવમાં ભાજપમાંથી રાજીનામું આપ્યું.

ડો. સતીશ ખોલાઃ રેવાડીથી ટિકિટની માંગણી કરી હતી. પક્ષમાંથી રાજીનામું આપ્યું.

ઈન્દુ વલેચાઃ ભાજપના જિલ્લા ઉપાધ્યક્ષ અને પૂર્વ કાઉન્સિલર સંજીવ વાલેચાના પત્ની ઈન્દુ વાલેચાએ પણ પક્ષ છોડી, તેમના પતિએ પણ ભાજપ છોડી દીધું. બચનસિંહ આર્યએ ભાજપ છોડી દીધું છે.

રણજિત ચૌટાલાઃ મંત્રી પદ પરથી રાજીનામું આપ્યું અને સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો. પૂર્વ મંત્રી બિશમ્બર વાલ્મિકીએ ભાજપમાંથી રાજીનામું આપ્યું છે.

પંડિત જીએલ શર્માઃ ભાજપમાંથી રાજીનામું આપીને દુષ્યંત ચૌટાલાના ઘરે ગયા હતા. પ્રદેશ ઉપાધ્યક્ષ ૮ સપ્ટેમ્બરે તેઓ કોંગ્રેસમાં જોડાય તેવી શક્યતા છે.

પ્રશાંત સન્ની યાદવઃ લોકસભા ચૂંટણી પહેલા ભાજપમાં જોડાયા હતા. રેવાડીથી ટિકિટ માંગી હતી, પરંતુ ટિકિટ ન મળતા રાજીનામું આપી દીધું હતું. અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડે તેવી શક્યતા છે.

### ૬ સપ્ટેમ્બર : રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ

# ગુજરાતના ૨૧ જિલ્લાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરાશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવા નિર્ણય

ગાંધીનગર, તા.૫

પુસ્તક વાંચનના મહત્વને ધ્યાનમાં રાખીને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના નાગરિકો માટે 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. આ જ દિશામાં આગળ વધતા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ તાજેતરમાં રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો છે, જે ખૂબ ગૌરવની બાબત છે. ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૬ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચન દિવસ' તરીકે મનાવવામાં આવે છે. આ દિવસનો ઉદ્દેશ વાંચનના આનંદની ઉજવણી કરવાનો છે, તેમજ વાંચનની પ્રવૃત્તિમાં લોકો રસ લેતા થાય તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે.

રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી સમુદાયોના લોકોમાં વાંચન પ્રત્યે રસ જાગૃત થાય અને તેઓ વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશ્યથી રાજ્યના તમામ આદિવાસી તાલુકાઓમાં પણ પુસ્તકાલયો કાર્યરત કરવાનું આયોજન છે. આ અંતર્ગત, રાજ્યના ૭ આદિજાતિ જિલ્લાઓના ૧૪ તાલુકાઓમાં પુસ્તકાલયો શરૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે. તેના પરિણામે, ગુજરાતના પ્રત્યેક આદિજાતિ તાલુકાના તમામ આદિવાસી સમુદાયોને વાંચન સેવાનો ૧૦૦ ટકા લાભ પ્રાપ્ત થશે.

ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પુસ્તકાલયો શરૂ કરવા અંગે પણ રાજ્ય સરકારે વિચાર કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે સમાજના વાંચન રસિક નાગરિકોને જાહેર ગ્રંથાલયની સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થાય તે માટે ચાલુ વર્ષે રાજ્યમાં વધુને વધુ

## સાહિત્ય રસિકો અને અમરેલીનાં વિવિધ ક્ષેત્રનાં અગ્રણીઓની હૃદયની ઉર્મિઓનાં ધોધમાં ભીંજાયા ગોવિંદકાકા

# અમરેલીમાં ગોવિંદભાઈ ધોળકીયાની આત્મકથાને અદ્‌ભુત આવકાર

**ગોવિંદભાઈના સેવાકાર્યોથી હું પરિચિત છું અને તેમની જીવનકથા સમાજને પ્રેરણા આપી શકે તેવું સત્ય ધરાવે છે-પ.પૂ.મુકતાનંદબાપુ, બ્રહ્માનંદ ધામ, ચાપરડા**


**જીવનમાં જે કંઈ મેળવ્યું છે તે ઈશ્વરની શ્રધ્ધાને કારણે મળ્યું છે. જીવનમાં હંમેશા ઈશ્વરને સાથે રાખી ચાલ્યો છું : ગોવિંદભાઈ ધોળકીયા**

**અમારાં વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સાવરકુંડલા તાલુકાની તમામ શાળાઓમાં આત્મકથાનું આ પુસ્તક મોકલાશે અને તેના પર વિદ્યાર્થીઓ વચ્ચે નિબંધ સ્પર્ધા યોજીશું - હરેશભાઈ મહેતા, પ્રેસીડેન્ટ લલ્લુભાઈ શેઠ હોસ્પીટલ**

**ગાંધીજી કહેતા કે અધમણ વિચાર કરતાં નવટાંક આચરણ વધુ મહત્વનું ગણાય ગોવિંદકાકા જે બોલે છે અને માને છે તે પ્રમાણે જીવન જીવતાં આવ્યાં છે : ડો.ભરત કાનાબાર, પ્રેસીડન્ટ, રેડક્રોસ બ્લડ બેંક**



















અમરેલી, તા.૫

લાઠી તાલુકાના એક નાનકડા ગામ દુધાળામાં એક સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મી, આપમેળે પુરૂષાર્થ કરી આજે દેશના હીરા ઉદ્યોગના ટોચના બીઝનેસમેનમાં જેમની ગણતરી થાય છે તેવા ગોવિંદભાઈ ધોળકીયાની આત્મકથાના ગુજરાતી સંસ્કરણને આવકારવા અમરેલી જીલ્લાની વિવિધ સાહિત્યિક સંસ્થાઓ અને અમરેલી જીલ્લાના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ દ્વારા તા.૨૮ મી ઓગસ્ટના રોજ એક કાર્યક્રમનું અમરેલી ખાતે આયોજન કરવામાં આવ્યું હતુ. 'સતચરિત પરિક્રમા' શિર્ષક સાથેના આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને અખિલ ભારતીય સાધુ સમાજના પ્રમુખ અને બ્રહ્માનંદ ધામ ચાપરડાના સંત પ.પૂ.મુકતાનંદબાપુ ઉપસ્થિત રહયા હતા. સમારંભમાં સાવરકુંડલાની લલ્લુભાઈ શેઠ હોસ્પીટલના પ્રણેતા અને સાહિત્ય – કલા તથા આરોગ્ય ક્ષેત્રે પ્રવૃત વિદ્યાગુરૂ ફાઉન્ડેશનના પ્રેસીડેન્ટ, મુંબઈના ટેક્ષટાઈલ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગપતિ હરેશભાઈ મહેતા તથા ગુજરાતના શિક્ષણ જગતમાં જેમનું નામ ખુબ આદરપૂર્વક લેવાય છે એવા જાણીતા શિક્ષણવિદ ગિજુભાઈ ભરાડ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત આ આત્મકથાના ગુજરાતી સંસ્કરણનું પ્રકાશન કરનાર આર. આર. શેઠ એન્ડ કાં. વતી ચિંતનભાઈ શેઠ સવિશેષ ઉપસ્થિત રહયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આત્મકથાનો રસાસ્વાદ જાણીતા લેખક અને વરિષ્ઠ પત્રકાર દિલીપ ભટ્ટે કરાવ્યો હતો.

કાર્યક્રમના પ્રારંભમાં પ.પ્ર.મુકતાનંદબાપુ, ગોવિદભાઈ ધોળકીયા તથા મંચસ્થ મહેમાનોનું શાલ અને મોમેન્ટોથી અભિવાદન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ' સતચરિત્ર પરિક્રમા' સમિતિ વતી ડો. ભરત કાનાબારે ગોવિંદકાકા સમાજ સેવાના કોઈપણ કાર્યમાં ઉદારથી આર્થિક અનુદાન કરતા રહે છે તેની વિગતો સાથે જણાવ્યું કે તેઓ જીવન ઉચ્ચ નૈતિક મૂલ્યોને વફાદાર રહી જીવ્યા છે અને એટલે જ એમની આ જીવન કથા ખાસ કરીને યુવા પેઢી માટે પથદર્શક છે. અનેકાએક સેવા કાર્યોમાં ગોવિંદકાકા પ્રેરણાસ્ત્રોત બનીને રહયા છે અને તેને કારણે તેમણે જીવનમાં સંપતિની સાથે સાથે હજારો લોકોના આશીર્વાદ મેળવ્યાં છે.

શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડે વર્તમાન શિક્ષણ પધ્ધતિ અને નવશિક્ષિત યુવાનોની રોજગારી સબંધી કેટલીંક રસપ્રદ વાતો કરી જણાવ્યું કે આવનારો સમય પુસ્તકિયા જ્ઞાનના બદલે સ્કીલ – કૌશલ્ય ધરાવનારાને પ્રાધાન્ય આપશે. ગોવિંદભાઈ તેમના હીરા ઉદ્યોગના કારીગરોનું પરિવારની જેમ જે રીતે જતન કરે છે તેને બિરદાવતા કહયું કે, બિઝનેસ હોય કે જીવનનું કોઈપણ ક્ષેત્ર હોય, જે વ્યકિત નૈતિકતા સાથે આગળ વધે છે તેની સફળતા લાંબો સમય ટકે છે.

લલ્લુભાઈ શેઠ આરોગ્ય ધામના હરેશભાઈ મહેતાએ પોતે ગોવિંદકાકા પાસેથી જીવનમાં ઘણું શીખ્યા છે તેનો એકરાર કરી ઉમેર્યુ કે રાજુલામાં આવનારા દિવસોમાં અમરીશભાઈ ડેરના પ્રયાસોથી ઉભી થઈ રહેલ સાર્વજનિક હોસ્પીટલમાં પણ ગોવિંદભાઈએ ખુબજ મોટું આર્થિક યોગદાન આપ્યું છે. ગુજરાતી ભાષાના પુસ્તકો વિદ્યાર્થીઓ વાંચતા થાય અને ગોવિંદભાઈના પ્રેરણાદાયી આત્મકથાની વાતો વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે વિદ્યાગુરૂ ફાઉન્ડેશન દ્વારા સાવરકુંડલા તાલુકાની તમામ શાળાઓમાં આત્મકથાનું પુસ્તક પહોંચાડવાની અને તેના આધારે વિદ્યાર્થીઓ વચ્ચે એક નિબંધ સ્પર્ધા યોજવાની જાહેરાત કરી હતી.

ગોવિંદકાકાએ તેમની આગવી શૈલીમાં પોતાને અને પોતાની આત્મકથાને આવકારવા માટે અમરેલીની સાહિત્યની સંસ્થાઓનો આભાર માનતાં જણાવ્યું કે મારી જીવન કથાની આ વાતોનું ભાથું મેં સતત ૪૦ વર્ષ સુધી લખેલ મારી રોજનિશીના આધારે લખેલ છે. તેમાં મારાં ખુદની પ્રશંસા કરવાનો કોઈ ભાવ મારાં મનમાં હતો નહિં પણ જીવન જીવતાં જીવતાં જે કેટલાંક સત્યો મેં જાણ્યા અને અનુભવ્યા છે તે મારાં પરિવારના બાળકો અને સમગ્ર સમાજ જાણે તે આ આત્મકથા લખવાનો મુખ્ય હેતુ હતો.

સમારંભના અધ્યક્ષ પ.પુ. મુકતાનંદ બાપુએ ગોવિંદકાકાની આ આત્મકથાનું પુસ્તક સમાજને જીવન જીવવાનું નવું ભાથું આપશેએ વાતની સાથે સાથે તાજેતરમાં બાંગ્લાદેશમાં જે પરિસ્થિતિ ઉભી થઈ છે અને ત્યાંના લઘુમતિ હિન્દુ સમાજને જે સહન કરવાનું આવ્યું છે તે માટે સહાનુભુતિ વ્યકત કરી, આપણાં દેશમાં પણ આવનારા દિવસોમાં રાષ્ટ્રવાદની ભાવના પ્રબળ થાય અને દેશનો દરેક નાગરિક નાત – જાત અને ધર્મથી ઉપર ઉઠી દેશ માટે સમર્પણની ભાવના બતાવે તેવી અપીલ કરી હતી.

આ કાર્યક્રમના આયોજનમાં અમરેલી જીલ્લાની અનેકવિધ સાહિત્ય સંસ્થાઓ – અમરેલી જીલ્લા સાહિત્ય સર્જક પરિવાર, સંવાદ, લોક સાહિત્ય સેતુ, અમરેલી જીલ્લા ગદ્ય સભા, કાવ્ય સંહિતા, વાર્તાકલા, ગઝલિયત વર્તુળ તથા મેઘાણી સાહિત્ય વર્તુળ –બગસરાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા એસઆરકે ગ્રુપના કમલેશભાઈ યાજ્ઞિક, પ્રશાંતભાઈ તથા અમરેલીના એડવોકેટ ચેતનભાઈ રાવળ, મધુભાઈ આજુગીયા, મુકુંદભાઈ મહેતા, તુલસીભાઈ મકવાણા, નયનભાઈ જોષી (બેદી), મિશ્રાજી (માસ્તર), દિપકભાઈ વઘાસીયા, યોગેશભાઈ કોટેચા, રીતેશભાઈ સોની, મુસ્તાકભાઈ તેલી, ટોમભાઈ અગ્રાવત, તરંગભાઈ પવાર, પેન્ટર ડી.જી મહેતાએ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમમાં અમરેલીના ધારાસભ્ય અને ઉપદંડક કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, જયેશભાઈ નાકરાણી, મુકેશભાઈ સંઘાણી, શૈલેષભાઈ સંઘાણી, જેનીબેન ઠુંમર, જીતુભાઈ ડેર, ભાવનાબેન ગોંડલીયા, પૂર્વ ધારાસભ્ય કાળુભાઈ વિરાણી, બેચરભાઈ ભાદાણી, જે.પી. સોજીત્રા, દિનેશભાઈ પોપટ, મનસુખભાઈ સુખડીયા, ચિતલના ઉદ્યોગપતિ વિજયભાઈ દેસાઈ, ચતુરભાઈ ખુંટ, મનસુખભાઈ ધાનાણી, હસમુખભાઈ પટેલ, ગોવિંદભાઈના પરિવારના અરજણભાઈ તથા રાકેશભાઈ ધોળકીયા, ચેમ્બર ઓફ કોમર્સ તથા જીલ્લા વેપારી મહામંડળના વેપારીઓ – દિનેશભાઈ ભુવા, ચતુરભાઈ અકબરી, મુકુંદભાઈ ગઢીયા, કૌશિકભાઈ ટાંક, હરેશભાઈ સાદરાણી, ભગીરથભાઈ ત્રિવેદી, જીતુભાઈ ગોળવાળા, રૂપાયતન સ્કુલના અમિતભાઈ ઉપાધ્યાય, સતીષભાઈ આડતીયા, ડો. એસ.આર. દવે, અનિલભાઈ રૂપારેલ, ડો. ચંદ્રેશભાઈ ખુંટ, લાઠીના રાજુભાઈ ભુવા, મયુરભાઈ હીરપરા, અનિલભાઈ, મેઘાભાઈ ડાંગર, ભાવેશભાઈ સોઢા, કેતનભાઈ (નીલકંઠ જવેલર્સ), પ્રિતેશભાઈ નારોલા, ધીરૂભાઈ નારોલા, પ્રકાશભાઈ કારીયા, અમરેલી જીલ્લાના સાહિત્ય સર્જકો સર્વે શ્રી, રવજીભાઈ કાચા, ઉદયભાઈ, કેતનભાઈ જોષી, છેલભાઈ વ્યાસ, ઉમેશભાઈ જોષી, ગોરધનભાઈ ભેંસાણીયા, મહેન્દ્રભાઈ જોષી, વાસુદેવભાઈ સોઢા, સુધીરભાઈ મહેતા, ડો.વિનોદભાઈ રાવળ, ડો.ભાવેશ મહેતા, ડો.જાની, ભરતભાઈ ઉપાધ્યાય, લાલજીભાઈ કાનપરીયા, રોહીતભાઈ જીવાણી, ઈતેશભાઈ મહેતા, બાબાપુર સંસ્થાના મંદાકિનીબેન પુરોહીત, ભાસ્કરભાઈ શુકલ, ધારીના ભરતભાઈ શેઠ, હિંમતભાઈ ડોંગા, સાવરકુંડલાના પ્રખ્યાત પત્રકાર અને લેખક મહેન્દ્રભાઈ બગડા, હેમાંગભાઈ ગઢીયા, ચિત્રકાર પડાયા, એડવોકેટ ઉદયનભાઈ ત્રિવેદી, મુજફરહુસેન સૈયદ, ચલાલાના પ્રકાશભાઈ કારીયા તથા રોટરી – લાયન્સ કલબના પદાધિકારીઓ અને અનેક સામાજીક સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના અંતે તમામ શ્રોતાઓને કચછ ફાઉન્ડેશન દ્વારા ગોવિંદભાઈ ધોળકીયાની આત્મકથાના પુસ્તકો ભેટ અપાયા હતા.

# અમરેલી ખાતે જિલ્લાકક્ષા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ સંપન્ન



મહાન શિક્ષણવિદ અને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ 'ભારતરત્ન' ડો.સર્વપલ્લીરાધાકૃષ્ણનનીજન્મજયંતી 'શિક્ષક દિવસ' ની દેશવ્યાપી ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. ગુજરાત રાજય સરકાર શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા અને તાલુકા કક્ષા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહનું આયોજન દરેક જિલ્લામાં કરવામાં આવ્યુ હતુ. ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાનાઅધ્યક્ષસ્થાનેઅમરેલીસ્થિત શ્રીમતી શાંતાબેન ગજેરા સંકુલ ખાતે યોજાયેલા અમરેલી જિલ્લાકક્ષા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહમાં જિલ્લા કલેકટર અજય દહિયા અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા ઉપસ્થિત રહ્યા હતા. શ્રેષ્ઠ શિક્ષકો વિદ્યાર્થીઓનેકઠપૂતળસ, સંગીત અને ટેકનોલોજીનામાધ્યમથીશિક્ષણઆપીને બાળકોનું સર્વાંગીય ઘડતર કરવામાં મદદરૂપથાયછે.જિલ્લાકક્ષાશ્રેષ્ઠશિક્ષક સન્માન સમારોહ કાર્યક્રમમાં જિલ્લાકક્ષાના ૦૨ (બે) શ્રેષ્ઠ શિક્ષકોને પારિતોષિકસાથે રૂા. ૧૫હજારનોચેક આપીનેઅનેતાલુકાકક્ષાએ શ્રેષ્ઠશિક્ષક તરીકે પસંદગી થયેલા શિક્ષકોનું પણ પારિતોષિક આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ. જ્ઞાન સાધના સ્કોલરશીપ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપીનેસન્માનિતકરવામાંઆવ્યાહતા. શિક્ષકો ભાવિ પેઢીના ઘડતર થકી ' રાષ્ટ્રનિર્માણ' માટેસમર્પિતછે. ગુજરાતે પરંપરાગત શિક્ષણ પદ્ધતિની સાથે અત્યાધુનિક 'સ્માર્ટ' ટેકનોલોજી થકી અધ્યનને પણ અપનાવ્યું છે. 'વિકસિત ભારત'નાસંકલ્પનેસાકારઅનેચરિતાર્થ કરવામાં પાયારૂપ ભૂમિકા અદા કરતાં શિક્ષકો તૈયાર કરવા માટે 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટઓફટીચર્સએજયુકેશન'ની સ્થાપના કરીને ગુજરાતે શૈક્ષણિક ક્ષેત્રે એક નવા યુગનો આરંભ કર્યો છે. ગુજરાતવિધાનસભાનાયબમુખ્યદંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યુ કે, આજનો દરેક વિદ્યાર્થી ભારતનું ઉજજવળ ભવિષ્ય છે. આપણા શિક્ષકો હળવેકથી કાન આમળીનેપ્રેમથીબાળકોનું ઘડતર કરે છે. તેમણે પારિતોષિક વિજેતા તમામ શિક્ષકો અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનેઅભિનંદનપાઠવ્યાહતા. જિલ્લા કલેકટરઅજયદહિયાએ જણાવ્યુ કે, વિદ્યાર્થીઓમાં આત્મવિાસ વધારવા માટે દરેક શિક્ષકની મહત્વની ભૂમિકા હોય છે. શિક્ષકોની તમામ ગુણવત્તાઓ સીધી જ તેમના વિદ્યાર્થીઓમાં ઉતરી આવે છે. બાળકોને ભારતીય સંસ્કૃતિનું જ્ઞાન આપવું જરૂરી છે. શિક્ષકોનું બહુમાન કરતાં કહ્યું કે, સમાજનો મુખ્ય સ્તંભ શિક્ષકછે, શિક્ષકપણદાર્શનિકછે. જિલ્લા કલેકટર દહિયાએ પોતાની શિક્ષણયાત્રાના સંસ્મરણો તાજા કર્યા હતા. આ તબક્કે પારિતોષિક વિજેતા શિક્ષકો અને પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લાકક્ષા શ્રેષ્ઠ શિક્ષક સન્માન સમારોહ કાર્યક્રમમાં જિલ્લા વિકાસઅધિકારીપરિમલપંડયા, નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, શ્રીમતીશાંતાબેન ગજેરા સંકુલ અમરેલીના નિયામક વલ્લભભાઈ રામાણી, જિલ્લાશિક્ષણ અધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મિયાણી, બી.આર.સી. અને સી.આર.સી., અધિકારી, પદાધિકારીઓ, શિક્ષકો અનેવિદ્યાર્થીઓસહિતનાઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં જીઆઈડીસીનાં માર્ગને લઈને

રોડ, રેલ્વે ફાટક પાસે, કંકુ ગોડાઉનની જમીનમાં અમરેલીમાં આવેલ ઉદ્યોગનગરમાં વ્યવસાય કરતાં વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, કનુભાઈ પટેલ, અરજણભાઈ પટેલ, દિલીપભાઈ બામટા (કેબલવાળા), મયુરભાઈ કોટીલા, કેવલભાઈ મહેતા, વિનયભાઈ ગોલ, નાથાલાલ ભંડેરી, લાલભાઈ સીંગદાણાની આગેવાનીમાં આશરે ૧૦૦ થી ૧૫૦ માણસોનું પુરૂષો/મહિલાઓનું અજાણ્યા ટોળાએ તા.૩ ના સાંજે ૬ વાગ્યે લાઠી રોડ, રેલ્વે ફાટક પાસે, કંકુ ગોડાઉનની જમીનમાં પ્રવેશ કરી, જમીન ફરતે ઉભી કરેલ સીમેન્ટ પાપડાની દિવાલ ભાંગી તોડી નાખી તે જમીનમાં આશરે સાડા ત્રણેક લાખનું નુકશાન કરી રસ્તો રોકી, જમીનમાં ભાગીદાર કૌશલભાઈ બાબુભાઈ રામાણીને જેમ ફાવે તેમ ગાળ ોઆપી, ટાંટીયા ભાંગી નાખવાની તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી સીટી પોલીસમાં સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૧૬૨ |
| ૨ | શિંગ મોટી | ૭૩૫ | ૧૨૪૧ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૩૮ | ૧૪૧૮ |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૭૯૦ |
| ૫ | તલ કાળા | ૨૮૫૦ | ૩૪૪૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૦૦ | ૩૨૯૫ |
| ૭ | બાજરો | ૪૨૪ | ૪૭૬ |
| ૮ | જુવાર | ૪૪૪ | ૮૪૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૫૫ | ૬૨૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૩૧ | ૫૮૬ |
| ૧૧ | મગ | ૧૪૩૦ | ૧૬૪૦ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૫૧૪ |
| ૧૩ | કપાસ | ૯૨૦ | ૧૬૭૦ |
| ૧૪ | એરંડા | ૮૦૦ | ૧૧૫૨ |
| ૧૫ | જીરૂ | ૪૦૯૦ | ૪૪૩૦ |
| ૧૬ | રાયડો | ૯૪૫ | ૯૮૯ |
| ૧૭ | ધાણા | ૧૦૫૦ | ૧૨૫૫ |
| ૧૮ | સોયાબીન | ૭૪૦ | ૮૫૨ |

## પાના ૮ ઉપરનું ચાલું લીલીયામોટાંના ભુર્ગભ ગટરનાં

વોરાને થતા આ અંગે સરપંચ દ્વારા લીલીયા પોલીસને પત્ર દ્વારા જાણ કરેલ કે અમારૂ ટ્રેકટર અને સરકારી ગ્રામ પંચાયત કચેરીને રસિકભાઈ વન્દ્રા અને વેપારીઓ દ્વારા તાળું મારી દેવામાં આવેલ છે અને આ અંગે અમોને કોઈ પણ જાતની જાણ કર્યા વગર તાળા બંધી કરેલ છે તો આ બાબતે યોગ્ય પગલાં લેવા લીલીયા પીએસઆઈ ને પત્ર અને પાઠવેલ જયારે મામલો અતિ ગંભીર થતાં લીલીયાના મામલતદાર દેસાઈ દ્વારા મધ્યસ્થી કરી તાલુકા વિકાસ અધિકારી તુષાર રાદડિયા પીએસઆઈ એસ.આર ગોહિલ અને ભાજપ અગ્રણીઓ વેપારીઓને મામલતદાર કચેરી ખાતે બોલાવીને વેપારીઓને કહેવામાં આવેલ કે તમારી માંગણી છે તે યોગ્ય છે પણ આપ દ્વારા કરવામાં આવેલ તાળા બંધી યોગ્ય નથી અને અંતે લીલીયાના સરપંચ દ્વારા રસિકભાઈ પાસે લેખિત માફી નામુ લીલીયા પોલીસ દ્વારા લખાવી આપવા માટે કહેતા રસિકભાઈ વદ્રા દ્વારા લીલીયા પોલીસને એમનાથી થયેલ ભૂલ અંગે માફી માંગી અને આવનારા દિવસોમાં આવી ભૂલ નહીં થાય તેવી બાહેંધરી આપતા મામલો થાળે પડેલ અને ગટર બાબતે સરપંચ દ્વારા પણ આવનારા ૧૫ દિવસમાં આપના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવશે તેવી ખાતરી આપતા મામલતદાર દેસાઈની સુઝભુજના કારણે મામલો થાળે પડેલ અને બન્ને પક્ષો દ્વારા સમજૂતી સાધવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી માં જણાવેલ છે.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૫૫ |
| ૨ | સોયાબીન | ૭૬૦ | ૮૪૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૫૫ | ૫૭૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૦૯ | ૫૮૦ |
| ૫ | બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| ૬ | એરંડી | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ૮ | ચણા | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ૯ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૦ | તુવેર | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૧૧ | મગફળી | ૬૫૦ | ૮૫૦ |
| ૧૨ | તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૩ | ડુંગળી | ૬૨૫ | ૬૨૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અંતે ખેડૂતોએ જળસમાધિ કાર્યક્રમ

સ્થાનિકો દ્વારા જળસમાધિ કરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો હતો. જે અંગે જળ સિંચાઈ વિભાગના અધિકારીઓએ આજે ભેંસાણ ગ્રામજનો સાથે બેઠક કરીને ચેકડેમમાંથી પાણી છોડીને ખેડૂતોનો રસ્તો કરી આપવાની ખાત્રી આપતા જળસમાધિ કાર્યક્રમ મોકૂફ રહ્યો હતો. એક હજાર વીઘા જમીનમાં ખેતી ના કરી શકતા ખેડૂતોની વ્યથાઓ અંગે સુખદ સમાધાન થતાં ૧૫ દિવસ પહેલા જ કેન્દ્રીય મંત્રી અને સાંસદ ગોવિંદ ધોળકીયા દ્વારા લોકાર્પણ કરેલ ચેકડેમ આજે ખાલી કરીને ખેડૂતોનો રસ્તો કરી આપવામાં આવ્યો હતો. જયારે જળ સમાધિ કાર્યક્રમ બંધ રહેતા ભેંસાણના ખેડૂતોએ હાશકારો અનુભવ્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીનાં બહારપરા વિસ્તારમાંથી

એ.ટી.એસ. ચાર્ટર લગત પેટ્રોલીંગમાં હતા. જે દરમિયાન ખાનગી બાતમી રાહે હકિકત મળેલ કે અમરેલી ટાઉન વિસ્તારના બહારપરા, નાના ખાટકીવાડ ખાતે આવેલ મદીના મસ્જીદની સામે રહેતા હારૂન ઉર્ફે મિત્ર દાઉદભાઈ માંડલીયા ઈસમ પોતાના રહેણાંક મકાનમાં સુકો ગાંજાનો જથ્થો રાખી વેચાણ કરતો હોવાની ચોક્કસ અને આધારભુત બાતમી હકિકત અન્વયે સદરહું જગ્યાએ રેઈડ કરતા હારૂન ઉર્ફે મિત્ર દાઉદભાઈ માંડલીયા નામનાં ઈસમના રહેણાંક મકાન રૂમમાંથી ગેરકાયદેસર રીતે માદક પદાર્થ સુકા ગાંજાનો જથ્થાનું કુલ વજન–૧ કિલો ૩૯૯ ગ્રામ જેની કિંમત રૂા. ૧૩,૯૯૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવેલ છે અને મજકુર ઈસમને વધુ તપાસ અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ચેકડેમો છલોછલ

આવતા જોરદાર વરસાદ શરૂ થયો હતો. બાબરામાં અડધો ઈંચ પડયો હતો તો ચમારડી, વાવડી, ઉંટવડ, ચરખા, દરેડ, ખાખરીયા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં એક ઈંચ વરસાદ પડી ગયો હતો. ગામની સ્થાનિક નદીઓ વહેલા લાગી હતી તેમજ શહેરની બઝારોમાં પાણી દોડવા લાગ્યું હતું. વરસાદના કારણે વાતાવરણમાં પણ ભારે ઠંડક પ્રસરી ગઈ હતી.

**કોટડાપીઠા**

બાબરા તાલુકાનાં કોટડાપીઠા સહિતનાં આજુબાજુનાં ગ્રામ્ય પંથકમાં આજે બપોરનાં એક વાગ્યા બાદ જ જોરદાર વરસાદ પડેલ. આ લખાય છે ત્યારે સાંજનાં પાંચ વાગ્યા સુધીમાં ત્રણ ઈંચ વરસાદ પડેલ છે. અત્યારે લખાય છે ત્યારે પણ વરસાદ ચાલું છે. કોટડાપીઠાનું ધોબીયારા તળાવ છલોછલ ભરાયેલ છે.

અમરેલી જિલ્લા ફલડ કંટ્રોલરૂમ ખાતે આજે સવારે ૬ થી રાત્રીના ૮ વાગ્યા સુધીનાં સમયમાં વડિયામાં ૬૨ મી.મી., બાબરામાં ૨૦ મી.મી., લાઠીમાં ૨૫ મી.મી., લીલીયામાં ૮ મી.મી., અમરેલીમાં ૨૬ મી.મી., બગસરામાં ૧૧ મી.મી., ધારીમાં ૧૫ મી.મી., સાવરકુંડલામાં ૯ મી.મી., જાફરાબાદમાં ૧૨ મી.મી. તથા રાજુલામાં ૨ મી.મી. વરસાદ નોંધાયો છે.

## પાના ૮ ઉપરનું ચાલું ખોડીયાર, સુરવો જળાશય ઓવરફ્લો

ધારી જંગલ વિસ્તારોમાં આજે વરસાદ પડવાનાં કારણે ધારી નજીક આવેલ ખોડિયાર ડેમમાં નવા નીરની ભરપૂર આવક થતાં ખોડિયાર ડેમ ઓવરફલો થયો હતો. જેને લઈ ખોડિયાર ડેમનો એક દરવાજો ૦.૨૨૯ મીટર ખોલવામાં આવ્યો હતો. જેથી ધારી નજીક આવેલ ખોડિયાર ડેમ નીચે આવતા ધારી, બગસરા, અમરેલી, લીલીયા, સાવરકુંડલા સહિતનાં ૪૬ ગામોને એલર્ટ કરાયા હતા. અને નદીના પટ્ટમાં અવરજવર ન કરવાની તંત્રની સુચના આપવામાં આવી હતી.

જયારે વડિયા પંથકમાં ધોધમાર અઢી ઈંચ વરસાદ પડયો હતો. જેથી વડિયાનો સુરવો ડેમ છલકાતા વડિયા સુરવો ડેમનો ૧ દરવાજો ખોલવામાં આવ્યો હતો. ડેમનો દરવાજો ખોલતાની સાથે જ સુરવો નદી બે કાંઠે વહેતી થઈ જવા પામેલ હતી.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૪૭ | ૧૬૮૩ |
| ૨ | મગ | ૧૩૫૦ | ૧૫૫૦ |
| ૩ | જીરૂ | ૪૧૫૦ | ૪૫૦૦ |
| ૪ | ઘઉં | ૪૯૧ | ૫૫૨ |
| ૫ | ચણા | ૧૪૨૪ | ૧૪૬૬ |
| ૬ | તલ સફેદ | ૨૧૧૦ | ૨૩૪૫ |
| ૭ | તલ કાળા | ૨૫૫૦ | ૩૩૭૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૨૬૦ |
| ૨ | ઘઉં | ૫૨૫ | ૫૭૫ |
| ૩ | ચણા | ૧૩૪૦ | ૧૩૪૦ |
| ૪ | તલ | ૨૦૨૧ | ૨૨૩૦ |
| ૫ | શીંગ ફાડા | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૬ | મકાઈ | ૪૬૧ | ૪૬૧ |
| ૭ | જીરૂ | ૪૩૦૦ | ૪૩૦૦ |
| ૮ | ધાણા | ૧૧૫૨ | ૧૧૫૨ |
| ૯ | સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |

# લીલીયા મોટા ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



સામાજીક પ્રવૃતિ અંતર્ગત અંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપક્રમે તેમજ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી), ભૂરખીયા ચેરીટેબલ ટ્રસ્ટ અને રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી અગિયારમો વિનામૂલ્યે નેત્ર નિદાન નેત્રમણી આરોપણ કેમ્પ ઉમિયા માતાજી મંદિર ઉમિયાધામ લીલીયા મોટા મુકામે તા. ૫–૯–૨૪ને ગુરૂવાર સવારે ૯–૦૦ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો. આ નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના પ્રમુખ બાબુભાઈ ધામત અને લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ના પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણી દ્વારા કરવામાં આવેલ હતું. અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધમું વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી. આંખના રોગો જેવા કે મોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી, આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાંત ડો. કનનબેન સેદાણી અને તેની ટીમી દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૮૧ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૨૦ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતાં. આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ૨૩ વ્યકિતઓને ચશ્મા બનાવી આપવામાં આવેલ હતાં. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલા ગુરૂવારે આંખના નિષ્ણાત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, લાયન્સ કબલ ઓફ અમરેલી (સીટી) તરફી પ્રમુખ લાયન મનોનભાઈ કાનાણી, પૂર્વ પ્રમુખ લાયન પ્રા.એમ.એમ.પટેલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય, લાયન દિનેશભાઈ સોરઠીયા, ઉપપ્રમુખ લાયન નરોત્તમભાઈ સાકરીયા તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ અને નિલેશભાઈ ભીલની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભા પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

# બગસરા નાગરિક બેંકની વાર્ષિક ૪૮મી સાધારણ સભા મળી




બગસરા નાગરિક સહકારી બેંક ની વાર્ષિક ૪૮મી સાધારણસભામળીહતીજેમાંબેંકના ચેરમેન છગનભાઈ હીરાણી ના અધ્યક્ષ સ્થાને આ સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં અમરેલી થી પધારેલ અમર ડેરીના ચેરમેનઅનિભાઈ સાવલિયા, તેમજ જયંતીભાઈ પાનસુરીયા, તેમજ માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસિયા, બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્મિનભાઈડોડીયા, નાગભાઈ ધાધલ, સૌરાષ્ટ્ર મંડળીના ચેરમેન અનિલભાઈ વેકરીયા, એવી રીબડીયા પ્રકાશભાઈ, રાણીગામનોજભાઈમહિડા,વિઠ્ઠલભાઈ હિરાણી, રાઘવભાઈ સુરાણી, રમેશભાઈ સુવાગિયા, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ દિનેશભાઈ હડિયલ આ તકે પત્રકાર સમીરભાઈ વિરાણીનું પણ સાલ ઓઢાડી પુષ્પગુચ્છ થી સન્માન કરાયું બગસરા ની મંડળીના ચેરમેનો ઉપસ્થિત રહ્યા હતા આ બેંકની સાધારણ સભામાં બેંકના મેનેજર જગદીશભાઈ માંગરોળીયા દ્વારા બેંકના અહેવાલવિશેસભાસદોનેમાહિતગારકર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિવલાલભાઈ ઠુંમર કર્યુહતું. તેમજઆતકે હરેશભાઈ પટોળીયાનું અમરેલી જિલ્લા મધ્યસ્થ બેંકમાં ડિરેકટર તરીકે દિલીપભાઈ સંઘાણી દ્વારાતેમનેનિયુક્ત કરવામાંઆવેલતેબદલતેમનુંસન્માન કરવામાં આવ્યું હતું.

### મોં માગ્યા વરસાદથી સૌ કોઈમાં ખુશી

## કુંકાવાવમાં બપોર બાદ ૨ ઈંચ જેટલા વરસાદથી ઠંડક પ્રસરી

### ખેતી પાકોને જબ્બરો ફાયદો થશે




કુંકાવાવ, તા.૫

કુંકાવાવ અને આસપાસના વિસ્તારમાં બપોર બાદ ભારે વરસાદી માહોલ છવાયો હતો જેમા સાંજ સુધીમાં ૨ ઈંચ જેટલો વરસાદ વરસી ચુકયો છે. અને ધીમીધારે વરસાદ હજુ ચાલુ હોય જેથી વાતાવરણમાં ઠંડક જોવા મળી છે અને ખેતીનુ કામ ખેડુતોને વરપમાં થઈ ગયું હોય જેથી ખેતીના પાકને ફાયદો થયો છે જયારે ઘણી જગ્યાએ વધારે વરસાદના કારણે નુકશાન પણ થઈ રહયું છે.

એકંદરે શાંતીપુર્ણ રીતે વરસાદ વરસતા સમગ્ર ચોમાસામાં નુકશાન થાય તેવી તેમજ વરસાદ વરસાતા સૌ કોઈમાં ખુશીની લાગણીઓ જોવા ળી રહી છે.

## જાફરાબાદ શહેર કોંગ્રેસ અનુ.જાતિ પ્રમુખ તરીકે શ્રી હિતેન્દ્રભાઈ વિંઝુડા



જાફરાબાદ, તા. ૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસુચિત જાતિના ચેરમેન હિતેન્દ્રભાઈ પીઠડીયાના આદેશથી અમરેલી જીલ્લા અનુસૂચિત જાતિના પ્રમુખ હસુભાઈ બગડા દ્વારા આગામી જાફરાબાદ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષી અને કોંગ્રેસ પક્ષનો સંગઠન વધુને વધુ મજબૂત કરવા જાગૃત પત્રકાર અને સેવાભાવી દલિત સમાજના આગેવાન હિતેન્દ્રભાઈ વિંઝુડાની જાફરાબાદ શહેર અનુસૂચિત જાતિના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ આ વરણીને અમરેલી જીલ્લા કોંગ્રેસના આગેવાન પરેશભાઈ ધાનાણી વિરજીભાઈ ઠુંમર પ્રતાપભાઈ દુધાત જેનીબેન ઠુંમર ચંદ્રેશભાઈ રવાણી, ટીકુભાઈ વરૂ, સંદીપભાઈ ધાનાણી, પ્રહલાદભાઈ સોલંકી, યુસુફભાઈ દરબાન હરેશભાઈ બાંભણીયા, નાથાભાઈ પરમાર, રજાકભાઈ થૈયમ, હસનખાન ધોરી જાડેજા, કાદરભાઈ વિનુભાઈ સરવૈયા સહિતના જીલ્લા અને તાલુકાના આગેવાનોએ શુભેચ્છા પાઠવી આ નિમણૂકને આવકારી છે તેમ અમરેલી અનુસુચિત જાતિના ચેરમેન હસુભાઈ બગડાની યાદીમાં જણાવ્યું છે.

### આગામી ૧૧ સપ્ટેમ્બરનાં રોજ

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૭૦ મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે

### નિષ્ણાંત ડોકટરની ટીમે સેવા આપશે

ચલાલા, તા. ૪

ચલાલા વિવિધ સેવાકિય કાર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૧–૯–૨૪ બુધવારના રોજ ૨૬૯મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.સ્વ હંસાબેન રામજીભાઈ ભાયાણી હસ્તે. ભાયાણી પરીવાર યુકેના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળ ા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે અને સાથે દર્દીઓએ આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ સાથે લાવવી.દંતયજ્ઞમાં દાતાના તમામ રોગ જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વગેરે સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો, વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.હરિબા મહિલા કોલેજમાં દીકરીઓ માટે આર્ટસ, કોમર્સ, બી.સી.એ. જેનું પ્રવેશ કાર્ય શરૂ છે.ઉપકરોત સ્થળે દર મહિનાના બીજા બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે. કેમ્પમાં ઉપકરોત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભલે તેવું સંસ્થાનામ વડા પૂ.ડો.રતિદાદાની એક યાદીમાં જણાવાયું છે.


## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– હડમતીયા ગામના રે.સ.નં. ૭૫p2/p2 ની જમીન હે. ૦–૦૬–૧૬ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ સુમરાભાઈ સામતભાઈ રામ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૬૯/૨૪ તા.૦૨/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– ખંભાળીયા ગામના રે.સ.નં. ૨૩ (જુનો રે.સ.નં.૯૩) ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ (૧)વાઘ ભુરાભાઈ રાણીંગભાઈ (૨)વાઘ દુલાભાઈ રાણીંગભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૬૧/૨૪ તા.૦૨/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી IMANDRA SOLAR PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– છતડીયા ગામના રે.સ.નં. ૮૮ ( જુનો રે.સ.નં.૪૭/૨) ની જમીન હે. ૦–૮૦–૯૪ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ પથુભાઈ એભલભાઈ ડાભીયા,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૨૫/૨૪ તા.૨૩/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં અમરેલી તાલુકાનાં મોજે અમરેલી ગામે કેરીયા રોડ રસ્તે આવેલ સ.નં.૨૭૬/૧ પૈકી ૬ થી નોંધાયેલ જમીનમાં આવેલ "સારથી–૧" નામના વિસ્તારમાં આવેલ પ્લોટ નં.૫ની જમીન ચો.મી. ૮૦–૦૧ વાળી મિલ્કત બાબતે પિન્ટુકુમાર કાંતિભાઈ નસીતે સદરહું મિલ્કત ઉપર એસ.બી.આઈ. અમરેલીમાંથી લોન/ધિરાણ/ મોર્ગેજ કરવા માંગતા હોય, અમારા પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માંગતા હોય, તેઓએ અમારી સમક્ષ સદરહું મિલ્કતના ટાઈટલ ડીડઝ રજુ કરેલ છે. જે દસ્તાવેજી લેખોમાં નીચે મુજબના સબંધીત કુલમુખત્યારનામાની નકલ રજુ થયેલ છે.

**(૧) શ્રી જેરામભાઈ લક્ષ્મણભાઈ બાંભરોલીયા (૨) શ્રી મગનભાઈ લક્ષ્મણભાઈ બાંભરોલીયા (૩) શ્રી ચતુરભાઈ લક્ષ્મણભાઈ બાંભરોલીયાનાં કુલમુખત્યાર શ્રી નિતીનભાઈ લક્ષ્મણભાઈ બાંભરોલીયાએ પોતે જાતે તથા નં.૧ થી ૩ ના કુલ મુખત્યાર દરજજે તા.૦૧/૦૧/૨૦૨૦ ના દસ્તાવેજ નં.૩ માં કરી આપેલ લેખ સબંધેના તા.૧૮/૦૯/૨૦૧૯ ના રોજના કુલમુખત્યારનામાની નકલ.**

સબબ ઉપરોકત લેખ સબંધે તથા કુલ મુખત્યારનામા અવન્યે કે સદર મિલ્કત અન્વયે કે સદર મિલ્કતના કોઈપણ ભાગ અન્વયે કોઈપણ બેંક, સંસ્થા, પેઢી કે વ્યકિતનો કે કોઈપણનો કોઈપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ–૩માં અમો નીચે સહી કરનાર પાસે રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઈના તરફથી કોઈ વાંધા તકરાર આવશે નહી તો સદરહું મિલ્કત પરત્વે કોઈને વાંધા તકરાર છે નહિ અને હોય તો તે સ્વૈચ્છાએ જતા (WAVE) કરેલ છે. તેમ માની અમો સદરહું મિલ્કતનું વિશેષ અભિપ્રાય સાથે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ એસ.બી.આઈ બેંક અમરેલી તરફે આપવામાં આવશે ત્યારબાદ કોઈના કોઈપણ જાતના વાંધા, તકરાર એસ.બી.આઈ. બેંક અમરેલીને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

**દેવેન્દ્રકુમાર સી. ખંભોળીયા**
**– એડવોકેટ**
**ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં. ૧૩,**
**સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી**
**મોબાઈલ – ૯૮૨૫૫ ૨૭૧૦૧**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– વાવડી ગામના રે.સ.નં. ૫૩p4 ની જમીન હે. ૦–૮૦–૯૭ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ કોઠીયા અંજવાળીબેન નાનાભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૨૭/૨૪ તા.૨૩/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– કોટડી ગામના રે.સ.નં. ૨૧૧/p1 ની જમીન હે. ૦–૪૦–૬૯ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ આતાભાઈ ભાયાભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૪૬/૨૪ તા.૩૦/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– કોટડી ગામના રે.સ.નં. ૨૧૧/p2 ની જમીન હે. ૦–૪૦–૨૫ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ મંગાભાઈ બીજલભાઈ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૪૯/૨૪ તા.૩૦/૦૮/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## જાહેર નોટીસ

આથી હું **કુલદિપ વિ. ભટ્ટ** (એડવોકેટ) તે અમારા અસીલશ્રી FSGE RENEWABLE PVT. LTD. ની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ **મિલ્કત ૨૯ – વર્ષ અને ૧૧ – માસ માટે ભાડાપટ્ટે રાખેલ છે,**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટે ના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૭ (સાત)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાનાં મોજે :– હડમતીયા ગામના રે.સ.નં. ૭૭p2 ની જમીન હે. ૦–૭૪–૭૮ ચો.મી. વાળી ખેતીની જમીન અમારા અસીલશ્રીએ અમરીબેન વાલેરાભાઈ વાઘ,પાસેથી રજીસ્ટર્ડ લીઝડીડ નં–૧૪૭૧/૨૪ તા.૦૨/૦૯/૨૦૨૪ થી ભાડાપટ્ટે રાખેલ છે.**

તા. ૦૬/૦૯/૨૦૨૪
બસ સ્ટેશન સામે, મહાકાલેશ્વરમંદિર પાસે,
મુ. બાબરા, જિ. અમરેલી.
**તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર**

**કુલદિપ વિ. ભટ્ટ**
**(એડવોકેટ)**

## બેદરકારી, નિષ્ક્રીયતા અને નિંભરતાનું પ્રતિક એટલે નવું બસપોર્ટ

# અમરેલીનું હંગામી બસ સ્ટેન્ડ નર્કાગારની સ્થિતિમાં

કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ નવું બસપોર્ટ કાર્યરત કરાતું નથી ને મુસાફરો પરેશાન

છેલ્લા પાંચ વર્ષથી મુસાફરો નર્ક સમાન બનેલ હંગામી બસ સ્ટેન્ડમાં પિડા અનુભવે છે

શહેરીજનોમાં ધીરજ શકિતની અદ્દભૂત ક્ષમતા હોવાનો લાભ પદાધિકારીઓ લેતા જોવા મળે છે

ભ્રષ્ટાચારથી મેળવેલ નાણાથી ઘરની તિજોરી છલોછલ હોવાથી જવાબદારોને આમ મુસાફરોની ચિંતા નથી





અમરેલી, તા. ૫

અમરેલીનાં રાજકીય આગેવાનોની બેદરકારી, નિષ્ક્રીયતા અને નિંભરતાનું પ્રતિક એટલે હંગામી અને નવું બનેલ બસપોર્ટની મુલાકાત લઈએ એટલે સૌને ખબર પડી જાય. શહેરીજનોમાં અદભુત ક્ષમાએ સહનશકિત હોવાનો ભરપૂર લાભ પદાધિકારીઓ અને અધિકારીઓ લઈ રહ્યા છે.

વિગત એવા પ્રકારની છે કે, અમરેલીમાં વર્ષોથી કાર્યરત એસ.ટી. બસ સ્ટેન્ડને જમીન દોસ્ત કરીને તે જ સ્થળે એરપોર્ટ કક્ષાનું નવું બસ પોર્ટ બનાવવાનું લગભગ ૬ થી ૭ વર્ષ પહેલા શરૂ થયું અને હંગામી ધોરણે બસ સ્ટેન્ડ શરૂ રાખવા માટે નજીકમાં આવેલ જગ્યા પસંદ કરવામાં આવી.

મુસાફર વર્ગ માટે બનાવાયેલ હંગામી બસ સ્ટેન્ડ એટલે અસુવિધાની હારમાળા, બિસ્માર માર્ગો, ગંદકીથી ખદબદતા શૌચાલય, હવા, પાણી અને બેસવાની જગ્યાનો અભાવ, બેફામ ગંદકી સહિતની અગણિત સમસ્યા વચ્ચે દરરોજ હજારો મુસાફરો બસ સ્ટેન્ડમાં યાતનાં ભોગવી રહ્યા છે.

સૌથી વધુ આશ્ચર્યજનક બાબત એ છે કે નવું બસ પોર્ટ તૈયાર થઈ ગયું છે અને એક વર્ષથી કોઈ ટેકનિકલ સમસ્યાનાં કારણે કાર્યરત થતું નથી. મુસાફરો પણ ઈચ્છે છે કે નવું બસ પોર્ટ શરૂ થાય. પરંતુ પદાધિકારીઓ અને અધિકારીઓની ઘરની તિજોરી ભ્રષ્ટાચારથી કમાયેલ નાણાથી છલોછલ હોવાથી તેઓને કાંઈ બસમાં બેસવાનું હોતું નથી એટલે તેઓને મુસાફરોની ચિંતા થતી નથી.

### જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં વરસાદ

## ખોડીયાર, સુરવો જળાશય ઓવરફલો થતાં દરવાજા ખોલવામાં આવ્યા

નદીનાં પટમાં અવરજવર ન કરવા સુચના અપાઈ



અમરેલી, તા. ૫

ધારી નજીક આવેલ ખોડિયાર ડેમ ફરી છલકાતા એક દરવાજો ખોલવામાં આવ્યો હતો. જયારે વડિયા પંથકનાં ગ્રામીણ ગામડામાં વરસાદ પડતા વડિયા સુરવો ડેમ છલકાતા ડેમનો ૧ દરવાજો ખોલવામાં આવ્યો હતો.

અનુસંધાન પાના ૬ ઉપર

### ૧૦ જેટલા ઉધોગકારો અને ૧૦૦ થી ૧૫૦ વ્યકિતનાં ટોળા સાથે

## અમરેલીમાં જીઆઈડીસીનાં માર્ગને લઈને ધમાલ કરનારાઓ સામે ફરિયાદ નોંધાઈ

ખાનગી જમીનમાં નુકસાન અને ધમકીની ફરિયાદ

અમરેલી, તા. ૫

અમરેલીમાં બ્રોડગેજ રેલ્વે લાઈન આવે તે પહેલાં જ ઉદ્યોગપતિ અને અમરેલીમાં લાઠી રોડ રેલ્વે ફાટક પાસે જમીન ધરાવતા આસામીઓ વચ્ચે રસ્તાને લઈ ભારે ચકમક શરૂ થતાં અને છેલ્લા ત્રણેક દિવસથી ચાલતા વિવાદ બાદ ગઈકાલે રાત્રે અમરેલી સીટી પોલીસે અમરેલીના ૧૦ જેટલાં ઉદ્યોગપતિ અને ૧૦૦ થી ૧૫૦ જેટલાં લોકોના ટોળા સામે પોલીસ ફરિયાદ દાખલ કરતાં અમરેલીમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં અમરેલીના રામાણીનગર-૨, ટેલીફોન કવાર્ટર સામે રહેતા કૌશલભાઈ બાબુભાઈ રામાણી તથા તેમના ભાગીદારોની અમરેલી, લાઠી

અનુસંધાન પાના ૬ ઉપર






### ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી સમસ્યા જૈસે થેની હાલતમાં

## લીલીયામોટાંના ભુર્ગભ ગટરનાં પ્રશ્નને લઈને વેપારીઓએ ગ્રામ પંચાયતને તાળાબંધી કરી દીધી

જો કે અધિકારીઓની દરમિયાનગીરી બાદ પ્રકરણ શાંત થયું

લીલીયા, તા. ૫

ગઈકાલે લીલીયા મોટાની મેઈન બજારના વેપારીઓ દ્વારા ગટર પ્રશ્ને ક્રોધિત થઈને લીલીયા ગ્રામ પંચાયતનું ટ્રેકટર ઊભું રાખી રસ્તા પર આડુ મૂકી ગટર પ્રશ્ને વિરોધ નોંધાવવામાં આવેલ હોય ત્યારે લીલીયા મોટાના વેપારી રસિકભાઈ વડ્રા દ્વારા લીલીયાની મેઈન બજારના વેપારીઓને સાથે લઈ સફાઈ કામદારોનું ટ્રેકટર ઊભું રાખીને રસ્તા પર આડુ રાખી રસ્તો બંધ કરી દેવામાં આવેલ અને ત્યારબાદ રસિકભાઈ વંડ્રા અને વેપારીઓ પગપાળા ગ્રામ પંચાયત કચેરીએ પહોંચી અને ત્યાં સરપંચ હાજર ન હોય ત્યારે કલાર્ક તરીકે ફરજ બજાવતા હારૂનભાઈ ખોખરને ટોળું એકત્રિત થઈને બહાર નીકળી જવાનું કહી અને હારૂનભાઈ પાસે જ ગ્રામ પંચાયત કચેરીને તાળું મરાવીને ચાવી પોતા પાસે રાખેલ હોય ત્યારે આ ઘટનાની જાણ સરપંચ જીવનભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી એસઓજીનો સપાટો

## અમરેલીનાં બહારપરા વિસ્તારમાંથી સુકા ગાંજાનો ૧૪૦૦ ગ્રામ જથ્થો ઝડપાયો

રહેણાંક મકાનનાં રૂમમાંથી જથ્થો ઝડપાયો



અમરેલી, તા. ૫

એસ.ઓ.જી. ટીમ અમરેલી ટાઉન વિસ્તારમાં

અનુસંધાન પાના ૬ ઉપર






### દીપક ગોવિંદભાઈ રાઠોડને દિકરીને પરેશાન કરવુ ભારે પડયું

## અમરેલીનાં કમિગઢ ગામે યુવતિનો પીછો કરનાર ઈસમ વિરૂધ્ધ ફરિયાદ

અમરેલી, તા. ૫, અમરેલી તાલુકાના કમિગઢ ગામે રહેતા દિપક ગોવિંદભાઈ રાઠોડ નામનાં આરોપીએ અવાર-નવાર તેજ ગામે રહેતી એક દિકરીનો પીછો કરી તથા તેણીની મરજી ન હોવા છતા તા. ૨૯/૮ના રોજ સાડા બાર વાગ્યાના સમયે જાહેરમાં બજાર વચ્ચે તેણીનો હાથ પકડી અને બળજબરીપુર્વક વાત કરવા માટે દબાણ કરી વાત નહિ કરે તો હું તને તથા તારા માતા-પિતાને ગામમાં બદનામ કરીશ તેમ કહી ડરાવી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.






*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)